RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત


Date:- 12-08-2026 I VOL : 12 I Issue : 148 I Page : 8 I Price : 1.00/-


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

સુવિચાર

તમારા સપનાઓ માટે લડો. સમયને નહીં, પોતાની જાતને બદલો.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 
જેતપુર-નવાગઢ નગરપાલિકામાં પ્રાથમિક સુવિધાઓ મુદ્દે...

4 
હવે બજારમાં જોવા મળશે પ્લાસ્ટિકની નવી નોટો

6 

સલમાન ખાન અને સંજય દત્તની જોડીનું કમબેક, ડ્રગ સિન્ડિકેટ પર આધારિત...

7 
અભિષેકની ધરપકડ: લગ્નની લાલચ આપી શારીરિક શોષણ...

## એક નજર...

### બોડીકોન ડ્રેસમાં અન્વેશી જૈનએ ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર



ઓલ્ટ બાલાજી (Alt Balaji) પર એકતા કપૂર (Ekta Kapoor) ની ઈરોટિક વેબ સીરીઝ 'ગંદી બાત' (Gandii Baat) થી એક્ટિંગ ડેબ્યૂ કરનારી અન્વેશી જૈન આજે પોતાની બોલ્ડનેસ માટે ઘણી લોકપ્રિય છે.અન્વેશી જૈન વ્યવસાયે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર, સિંગર અને એક્ટ્રેસ છે. વર્ષ 2019 માં એકતા કપૂરની 'ગંદી બાત' સીરીઝથી તેને ફેમ મળ્યું હતું.

## NEWS TRACK

### ટ્રમ્પે ફૂડ ટ્રકમાં છુપાઈને 'ગુપ્ત વિમાન'માં નીકળવું પડ્યું હતું! સિક્રેટ ઓપરેશનની વિગતો લીક

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સુરક્ષા અને તેમની તુર્કીયે યાત્રાને લઈને એક અત્યંત ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. ઈરાન તરફથી મળેલી જાનથી મારી નાખવાની ધમકીઓના કારણે ટ્રમ્પને ગુપ્ત રીતે એરપોર્ટના એક કેટરિંગ ટ્રકમાં બેસાડીને સિક્રેટ મિલિટ્રી એરક્રાફ્ટ સુધી પહોંચાડવા પડ્યા હતા. 'ધ વોશિંગ્ટન પોસ્ટ' અને 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ'ના અહેવાલો મુજબ, આ સમગ્ર 'ડિસેપ્શન ઓપરેશન' 8 જુલાઈના રોજ નાટો સમિટ માટે અંકારા ગયેલા ટ્રમ્પની સુરક્ષા માટે હાથ ધરવામાં આવ્યું હતું. કેટરિંગ ટ્રકમાં છુપાઈને પ્લેન બદલ્યું: કેવી રીતે રમાયો માસ્ટરપ્લાન? જાહેર કરાયેલા ઓફિશિયલ પ્લાન મુજબ, ટ્રમ્પને કતાર તરફથી મળેલા નવા બોઈંગ 747-8 પ્લેન અથવા જૂના 'એર ફોર્સ વન' થી બ્રિટન જવાનું હતું. પરંતુ, ઈરાનની સરહદ તુર્કીયેને અડીને આવેલી હોવાથી અને ઈરાન પ્રોક્સી દળો તરફથી મોટો ખતરો હોવાથી વ્હાઈટ હાઉસના સિક્યોરિટી ઓફિશિયલ્સે રસ્તો બદલ્યો હતો. જૂના 'એર ફોર્સ વન' માં બેઠેલા પત્રકારોને આખી ફ્લાઈટ દરમિયાન બારીના પડદા બંધ રાખવાની કડક સૂચના આપવામાં આવી હતી.

### અમેરિકામાં ગૌતમ અદાણી અને સાગર અદાણી સામેના લાંચ અને છેતરપિંડીના તમામ કેસ રદ

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને સાગર અદાણી સામે અમેરિકન કોર્ટમાં ચાલતા ગુનાહિત આરોપોને કોર્ટે ફગાવી દીધા છે. ન્યૂયોર્કના ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગારૌફિસે ફેડરલ પ્રોસિક્યુટર્સને આરોપો પાછા ખેંચવાની મંજૂરી આપતા આ કેસ બંધ કરવાનો ચુકાદો આપ્યો છે. આ મહત્ત્વપૂર્ણ નિર્ણય બાદ ગૌતમ અદાણીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'x' પર પોતાની પ્રતિક્રિયા આપતા ન્યાયપ્રણાલી પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ પડકારજનક સમયમાં સત્ય, નિષ્પક્ષતા અને કાયદાના શાસનમાં તેમનો વિશ્વાસ હંમેશાં અડીખમ રહ્યો છે. કોર્ટના નિર્ણય પહેલાં, જજે કાયદાકીય બાબતો અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને સરકારી વકીલો (પ્રોસિક્યુટર્સ) પાસે કેસ પાછો ખેંચવાનું કારણ માંગ્યું હતું. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DoJ)ના ખુલાસાથી સંતોષ માનીને જજે સ્પષ્ટ કર્યું કે આરોપો રદ કરવાનો આ નિર્ણય સંપૂર્ણપણે કાયદાના દાયરામાં અને ન્યાયના સિદ્ધાંતો મુજબ જ લેવાયો છે.

# પૂર્વ PM મનમોહન સિંહને ઈતિહાસ સન્માનથી યાદ કરશે: સોનિયા ગાંધી

## કોલસા કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટની ક્લીનચીટ બાદ મોદી સરકાર પર સોનિયા ગાંધીએ નિશાન સાધ્યું

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટ તરફથી પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને કોલસા બ્લોક ફાળવણી કેસમાં ક્લીનચીટ મળ્યાના થોડા દિવસો પછી, કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું. સોનિયાએ મંગળવારે ધ ઈન્ડિયન એક્સપ્રેસમાં પ્રકાશિત પોતાના લેખમાં લખ્યું કે મનમોહન સિંહની ઈમાનદારી અને જવાબદારીનો રેકોર્ડ મોદી સરકારના કામ કરવાની રીતથી બિલકુલ અલગ છે. ઈતિહાસ તેમને શાંત, સરળ, પરંતુ દેશના સૌથી પ્રભાવશાળી વડાપ્રધાનોમાંથી એક તરીકે સન્માનથી યાદ કરશે. સોનિયાએ આગળ કહ્યું, 'તેમની વિરુદ્ધ લોબી અભિયાન સુનિયોજિત અને સંગઠિત હતું. તેમાં અમલદારશાહીથી લઈને મીડિયા, ન્યાયપાલિકા, સિવિલ સોસાયટી અને નિશ્ચિતપણે RSS અને BJP સુધીના લોકો સામેલ હતા. આજે તેમનું ખોટું અભિયાન તેના નિર્ધારિત અંત એટલે કે શૂન્ય પર પહોંચી ગયું છે. ડો. સિંહ દરેક મામલે નિર્દોષ સાબિત થયા છે.' સોનિયા ગાંધીએ કહ્યું કે 29 જુલાઈ, 2026 ભારતના તાજેતરના



રાજકીય ઈતિહાસનો એક મહત્વપૂર્ણ, પરંતુ અવગણના કરાયેલો દિવસ હતો. આ દિવસે સુપ્રીમ કોર્ટે કથિત કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં ડો. મનમોહન સિંહને CBIની ક્લીન ચિટ યથાવત રાખી.

# દર 3માંથી 1 વકીલ નકલી! BCIના દાવાથી ખળભળાટ

## સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસે માંગ્યો જવાબ

નવી દિલ્હી

દેશમાં બોગસ વકીલો સામે મોટા પાયે કાર્યવાહી કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટે મંગળવારે એક અરજી પર સુનાવણી કરતાં કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો છે, જેમાં નકલી વકીલો સામેની તપાસ CBIને સોંપવાની માગ કરવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની બેંચે આ મુદ્દાને અત્યંત ગંભીર ગણાવતાં કહ્યું છે કે વકીલાત એ એક મહત્ત્વનો વ્યવસાય છે અને જો તેમાં નકલી લોકો ઘૂસી જશે તો ન્યાયતંત્રની પ્રતિષ્ઠાને મોટું નુકસાન થશે. અરજીમાં બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના પ્રમુખ મનન મિશ્રાના એક નિવેદનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે બારમાં 30થી 40 ટકા વકીલો બોગસ છે, જેનો અર્થ એ થાય છે કે, દેશમાં દર 3માંથી 1 વકીલ નકલી છે. જૂન 2026માં બાર કાઉન્સિલના વકીલો પ્રશાંત કુમાર અને વિપિન નાયરે આ આંકડા સુપ્રીમ કોર્ટ સમક્ષ મૂક્યા હતા અને આ ગંભીર બાબત પર તાત્કાલિક ધ્યાન આપવાની માગ કરી હતી. અરજીકર્તા વકીલ રાજા ચૌધરીએ કોર્ટમાં જણાવ્યું હતું કે, વકીલાતના વ્યવસાયનો દુરુપયોગ થઈ રહ્યો છે અને જે લોકો ખરેખર વકીલ નથી તેઓ આ નામે ગેરકાયદે વસૂલી કરી રહ્યા છે.



# પીએમ મોદીએ ઇન્સ્ટાગ્રામ પર દરેક લોકોને ઘરે તિરંગો ફરકાવવા અપીલ કરી

નવી દિલ્હી

ભારત 15 ઓગસ્ટના રોજ 80માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરશે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સત્તાવાર ઈન્સ્ટાગ્રામ પર વીડિયો પોસ્ટ કરીને લોકોને અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે દરેક ઘરે તિરંગો ફરકાવીને આ દિવસને ઉત્સવની જેમ ઉજવવો જોઈએ. પીએમ મોદીએ ઈન્સ્ટાગ્રામ પર જનતાને અપીલ કરતા કહ્યું કે'ચાલો આપણે 15 ઓગસ્ટને ગર્વ અને ગૌરવ સાથે ઉજવીએ, સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપીએ અને વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ કરીએ. 'હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગા, હર મન તિરંગા,' આવો દરેક ઘર પર તિરંગો લહેરાવીએ. ઉલ્લેખનીય છે કે, દેશમાં 'હર ઘર તિરંગા' અભિયાન આખા ઓગસ્ટ મહિના દરમિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

# સંસદ પરિસરમાં NDA-કોંગ્રેસના સાંસદો સામ-સામે આવ્યા

## BJP સાંસદે પૂછ્યું- રાહુલ ઝારખંડ કેમ ન ગયા, પ્રિયંકા બોલ્યા- તેઓ વિદ્યાર્થીઓને મળી ચૂક્યા છે

નવી દિલ્હી

સંસદ પરિસરમાં NDA અને ઈન્ડિયા બ્લોકના સાંસદોએ મંગળવારે એકબીજા વિરુદ્ધ પ્રદર્શન કર્યું. NDA સાંસદોએ વિપક્ષ પર સંસદમાં ચર્ચાથી ભાગવાનો આરોપ લગાવ્યો, જ્યારે વિપક્ષે ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. આ દરમિયાન બંને પક્ષો સામસામે પણ આવી ગયા. પ્રિયંકા ગાંધીના સંસદ પહોંચવા પર BJP સાંસદો રાહુલ ગાંધી વિરુદ્ધ નારા લગાવવા લાગ્યા. BJP સાંસદ મુકેશ દલાલે પૂછ્યું કે રાહુલ ઝારખંડમાં વિદ્યાર્થી પ્રદર્શનકારીઓને કેમ નથી મળી રહ્યા. પ્રિયંકા હસતા હસતા તેમની પાસે ગયા અને કહ્યું- રાહુલ ઝારખંડ ગયા છે અને વિદ્યાર્થીઓને મળી ચૂક્યા છે. લોકસભા અને રાજ્યસભામાં પણ હોબાળો થયો. લોકસભાની કાર્યવાહી પહેલા 11 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. બપોરે 2 વાગ્યે ગૃહ ફરી શરૂ થયું, પરંતુ લગભગ અડધા કલાક પછી જ હોબાળાને કારણે કાર્યવાહી બુધવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી. NDA સાંસદોએ મંગળવારે વિપક્ષ સામે સંસદમાં વિરોધ માર્ચ યોજી હતી. સાંસદો હાથમાં પોસ્ટર લઈને પહોંચ્યા, જેમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર દિલ્હીમાં વિદ્યાર્થી પ્રદર્શનના મુદ્દે ચર્ચાથી ભાગવાના આરોપ લગાવવામાં આવ્યા.

# નવાપુર બન્યું કાળા કારોબારનું એપીસેન્ટર: ગુજરાત સરહદે ધમધમતા પાડા જેવા જુગારધામો સામે કાયદાનું મોં સદંતર બંધ?

## બંગલાથી શેડ સુધી કાળી કમાણીનું ખાઉધરું નેટવર્ક: વાપીથી અંકલેશ્વર સુધીના જુગારીઓ માટે નવાપુર બન્યું સેફ હેવન

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાનું સરહદી શહેર નવાપુર હાલ ખાખી વર્દીની મેલી છત્રછાયા હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું મસમોટું કેન્દ્ર બની ચૂક્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ પર આવેલું આ શહેર હવે ગુનાખોરી અને કરોડોના જુગારધામ માટે પંકાયું છે. સ્થાનિક નાગરિકો અને સૂત્રોના જણાવ્યા મુજબ, કાયદા અને વ્યવસ્થાની ખુલ્લેઆમ ધજીયા ઉડાડીને રોજ કરોડો રૂપિયાનો કાળો કારોબાર ખીલી રહ્યો છે, પરંતુ કાયદાના રક્ષકો આંખ આડા કાન કરીને બેઠા છે.

### બંગલાથી લઈને શેડ સુધી: ક્યાં અને કેવી રીતે ચાલે છે મિની કસિનો?

નવાપુર પોલીસ સ્ટેશનની હદમાં જ મુખ્યત્વે બે સ્થળો પર આ જુગારધામો ધમધમી રહ્યા છે:

સ્થળ ૧: જાન તળાવ હનુમાન મંદિર પાસે અને જિંદાલ પેટ્રોલ પંપની પાછળ આવેલો બંગલો, જ્યાં અત્યંત ગોપનીય રીતે હાઈપ્રોફાઈલ ખેલાડીઓ માટે રમત ગોઠવાય છે.

સ્થળ ૨: વિસરવાડી વિસ્તારમાં એકતા હોટેલની પાછળ ખાસ કાયમી શેડ બાંધીને ઊભો કરાયેલો બીજો મોટો અડ્ડો.

આ સમગ્ર કાળો કારોબાર રાકેશ ગોસાવી ઉર્ફે પપ્પુ ગોસાવી, રાઈસ શેખ અને સૂરજ જયસ્વાલ નામના સિન્ડિકેટ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે. અહીં મુખ્યત્વે 'આસરો' (આંકડાનો જુગાર) અને 'ત્રણ પત્તી' જેવા જોખમી ખેલ રમાડવામાં આવે છે.

### ગુજરાતના ખૂણે-ખૂણેથી પહોંચતા જુગારીઓ: રોજના કરોડોના હાર-જીતના ખેલ

આ અડ્ડાઓ માત્ર સ્થાનિક પૂરતા સીમિત નથી, પરંતુ પડોશી રાજ્ય ગુજરાતના વાપી, વલસાડ, સુરત, ભરૂચ અને અંકલેશ્વર જેવા ઔદ્યોગિક શહેરોમાંથી નામી-અનામી જુગારીઓ ગાડીઓના કાફલા સાથે અહીં પહોંચે છે. દિવસ-રાત અહીં કરોડો રૂપિયાની હાર-જીત થાય છે. અડ્ડાઓ બહાર ગુજરાત પાસિંગની મોંઘીદાટ લક્ઝરી ગાડીઓનો જમાવડો એ વાતની સ્પષ્ટ સાક્ષી પૂરે છે કે અહીં કેવા સ્તરનો ખેલ ચાલી રહ્યો છે. રાત્રે ૧ વાગ્યે પણ ગુજરાત રાજ્યની ગાડીઓ પડ્યા રહેવા છતાં સ્થાનિક પોલીસને કશું જ દેખાતું નથી તે સૌથી મોટો સવાલ છે.

હપ્તા રાજ કે ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા? પીઆઈ અને ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા શંકાના દાયરામાં

સ્થાનિક રહીશો દ્વારા નવાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ અભિષેક પાટીલને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી એક પણ દરોડો પાડવામાં આવ્યો નથી. માત્ર સ્થાનિક પીઆઈ જ નહીં, પરંતુ નંદુરબારના એસપી અશ્વિની સનાપ, એલસીબી પીઆઈ અને આઈજી સંજય યાનપુરે સમક્ષ પણ આ સમગ્ર મામલે રજૂઆતો પહોંચાડવામાં આવી છે. તેમ છતાં ઉચ્ચ કક્ષાએથી કોઈ કાર્યવાહી ન થતાં ચર્ચા છે કે લાખો રૂપિયાના મહિને બાંધેલા 'હપ્તા'ના કારણે તંત્ર લાચાર બની ગયું છે. આશ્ચર્યની વાત એ છે કે, જે નાગરિકો કે પત્રકારો આ કાળા કારોબાર સામે અવાજ ઉઠાવે છે, તેમને જાનથી મારી નાખવાની કે ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપવામાં આવી રહી છે.

### ભૂતકાળની યાદ: જ્યારે આઈજી શેખર સાહેબે પીઆઈને સસ્પેન્ડ કર્યા હતા

આ અગાઉ પણ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા જ આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. એ સમયે તત્કાલીન આઈજી શેખર સાહેબે ત્વરિત અને કડક પગલાં ભરીને રાઈસ શેખના અડ્ડા પર દરોડો પાડ્યો હતો. તે સમયે સ્થળ પરથી કરોડો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો અને બેદરકારી દાખવનાર તત્કાલીન નવાપુર પીઆઈને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયા હતા.

### જનતાનો એક જ સવાલ: શું કોઈ મર્દ પોલીસ અધિકારી આ જુગારધામ પર દરોડો પાડશે?

ભૂતકાળમાં કડક કાર્યવાહી થઈ હોવા છતાં, વર્તમાન સમયમાં ફરી એકવાર નવાપુર પોલીસ સ્ટેશન ગુનેગારોની શરણગાહ બની ગયું છે. પીઆઈ અભિષેક પાટીલ અને એસપી મેડમની રહસ્યમય ચૂપકીદી અને નિષ્ક્રિયતા સામે હવે અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

શું નંદુરબાર જિલ્લામાં કાયદાનું શાસન ખતમ થઈ ગયું છે? શું આ હપ્તા રાજ આમ જ ચાલતું રહેશે કે પછી કોઈ હિંમતવાન અને ઈમાનદાર પોલીસ અધિકારી આવીને આ કરોડોના જુગારધામનો સફાયો કરશે? જનતા હવે ઉચ્ચ સ્તરેથી કડક અને સર્જિકલ સ્ટ્રાઈક જેવી આકરી કાર્યવાહીની રાહ જોઈ રહી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# 2024ના સરકારના નિયમો માત્ર કાગળ પર : રાજ્યની મેડિકલ કોલેજો બની રેગિંગની 'હોટસ્પોટ'

## સરકારી મેડિકલ કોલેજોમાં જ વધુ રેગિંગ : કોલેજો-યુનિ.ઓની પણ જવાબદારી નક્કી કરાઈ છતાં પગલાં નહીં

ગાંધીનગર

સુરત નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત સરકારી મેડિકલ કોલેજના બોયઝ પી.જી હોસ્ટેલમાં 29 વર્ષીય રેસિડન્ટ ડોક્ટર દ્વારા ફાંસો ખાઈ આપઘાત કરવાના બનાવમાં રેગિંગ જવાબદાર હોવાનું બહાર આવતા ચકચાર મચી છે. રાજ્યના આરોગ્ય મંત્રીના શહેરમાં રેગિંગની ઘટનાને પગલે 24 કલાકમાં તપાસ પૂર્ણ કરીને ચાર સિનિયર રેસિડન્ટ ડોક્ટરને 6 મહિના માટે હોસ્પિટલ, હોસ્ટેલ સહિત તમામ પ્રવૃત્તિમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે માઇક્રો બાયોલોજી વિભાગના વડા સહિત ચાર ફેકલ્ટીને શો કોઝ નોટિસ ફટકારવામાં આવી છે. સિનિયર રેસિડન્ટ ડોક્ટર્સ ડો. નિરાલી વસાવે, ડો. અનુજ મહેશ્વરી, ડો. દીક્ષિતા ઘેવરિયા અને ડો. હિના ભુત દ્વારા જુનિયર ડો. હર્ષ પંડ્યાને અપશબ્દો કહેવામાં આવતા હતા. કલાકો સુધી રૂમમાં ગોંધી રાખવામાં આવતો હતો. 'અમે તારા બોસ છીએ' તેમ કહીને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. મેન્ટલ હેરેસમેન્ટ, લેક ઓફ ડિસેન્સી અને વર્બલ એબ્યુઝડ આ ત્રણ મુદ્દે રેગિંગ પુરવાર થયું છે. ડો. હર્ષ પંડ્યાએ શનિવારે રાત્રિ દરમિયાન બોયઝ પીજી હોસ્ટેલના રૂમમાં પંખા સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઈલીધો હતો. મૂળ અરવલ્લીના મોડાસાના વતની એવા હર્ષના આપઘાતને પગલે ચકચાર મચી હતી. મૃતકના પિતાએ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે માંગણી કરી હતી. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચના બાદ વિશેષ તપાસ કમિટી રચવામાં આવી હતી. કમિટી દ્વારા 24 કલાકમાં તપાસ પૂર્ણ કરવામાં આવી છે. અને તેમાં ચાર સિનિયર રેસિડન્ટ ડોક્ટરો દ્વારા ડો. હર્ષ પંડ્યાનું રેગિંગ કરાયાની પુષ્ટિ થઈ છે. સિનિયર ડોક્ટરો દ્વારા હર્ષ પંડ્યાને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. કમિટીના તપાસ રિપોર્ટ બાદ ચાર સિનિયર રેસિડન્ટ ડોક્ટર નિરાલી વસાવે, અનુજ મહેશ્વરી, દીક્ષિતા ઘેવરિયા અને હિના ભુતને 6 મહિના માટે હોસ્પિટલ, હોસ્ટેલ અને તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક પ્રવૃત્તિમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વધતી રેગિંગની ઘટનાઓને રોકવા માટે ગુજરાત સરકારે 19 માર્ચ 2024ના રોજ નોટિફિકેશન કરીને તમામ સંસ્થાઓ-યુનિ.ઓ માટે કડક નિયમો લાગુ કર્યા હતા અને ગંભીરતાથી પાલન કરવા આદેશ કર્યો હતો. જો કે સરકારનો આ ઠરાવ છતાં પણ રેગિંગની ઘટનાઓ બની રહી છે અને એટલું જ નહીં મોટા ભાગની રેગિંગની ઘટનાઓ સરકારી મેડિકલ કોલેજોમાં જ બને છે. આમ સરકારના ઠરાવ-નિયમોનું સરકારી કોલેજોમાં જ પાલન થતું નથી.

ગુજરાતની ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની કોલેજોમાં રેગિંગની ઘટનાઓને રોકવા માટે શિક્ષણ વિભાગે માર્ચ 2024માં ઠરાવ કરીને જાહેર કરેલા નિયમોમાં કોલેજોથી માંડી યુનિ.ઓની પણ જવાબદારી નક્કી કરાઈ હતી. 2009માં સુપ્રીમકોર્ટની ગાઈડલાઈનબાદ યુજીસીથી માંડી નેશનલ મેડિકલ કમિશન દ્વારા પણ દર વર્ષે અને અત્યાર સુધીમાં અનેકવાર રેગિંગ મુદ્દે સંસ્થાઓને પરિપત્રો કરાયા છે. છતાં પણ રેગિંગની ઘટનાઓ છાશવારે બને છે અને તે પણ સૌથી વધુ સરકારી મેડિકલ કોલેજોમાં જ બને છે.




# AAP ધારાસભ્ય ચૈતર વસાવાની જામીન અરજી પર સસ્પેન્સ અકબંધ: હવે 24 ઓગસ્ટે આવશે મોટો ફેસલો!

નર્મદા/અમદાવાદ

ગુજરાતના રાજકારણના સૌથી ચર્ચિત અને સળગતા કેસમાં આમ આદમી પાર્ટી (AAP) ના ફાયરબ્રાન્ડ ધારાસભ્ય ચૈતર વસાવાને હાલ પૂરતી જેલના સળિયા પાછળ જ રહેવું પડશે. ચૈતર વસાવાની જામીન અરજી પર આજે પણ કોઈ આખરી નિર્ણય આવી શક્યો નથી. અદાલતમાં કલાકો સુધી ચાલેલી તીખી દલીલો અને કાનૂની જંગ બાદ હવે આ મામલે ૨૪ ઓગસ્ટે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલાં ૫ ઓગસ્ટ, ત્યારબાદ ૭ ઓગસ્ટ અને પછી ૧૦ ઓગસ્ટે પણ કોર્ટમાં ધારદાર સુનાવણીઓ થઈ ચૂકી છે. આજે અદાલતમાં બંને પક્ષના દિગ્ગજ વકીલો વચ્ચે સતત ૨ કલાકથી પણ વધુ સમય સુધી આકરી અને ધાતક દલીલોનો દોર ચાલ્યો હતો. સુનાવણી દરમિયાન સરકારી વકીલે ધારદાર આક્રમણ કરતા કોર્ટ સમક્ષ સ્પષ્ટ શબ્દોમાં દલીલ કરી હતી કે, 'જનતા દ્વારા ચૂંટાયેલા MLA તરીકે ચૈતર વસાવા લોકોને ગમે તેટલી મદદ કરી શકે છે, પરંતુ તેઓ પોતાના હાથમાં કાયદો લઈ શકે નહીં.' આ ઉપરાંત સરકારી પક્ષે ચૈતર વસાવાનો ગુનાહિત ઈતિહાસ રજૂ કરતા આકરો પ્રહાર કર્યો હતો કે, તેઓ અગાઉ પણ અનેક ગંભીર કેસોમાં જેલની હવા ખાઈ ચૂક્યા છે, તેથી તેમને જામીન આપવા યોગ્ય નથી.

હવે સમગ્ર ગુજરાતની નજર ૨૪ ઓગસ્ટના રોજ થનારી હાઈવોલ્ટેજ સુનાવણી પર ટકેલી છે. એક તરફ સરકારી પક્ષે તેમને જેલમાં જ રાખવા માટે પૂરી તાકાત લગાવી દીધી છે, તો બીજી તરફ તેમના સમર્થકો વચગાળાના ન્યાયની રાહ જોઈ રહ્યા છે.

# 'ઓપરેશન પરાક્રમ' હેઠળ વડોદરા ગ્રામ્ય પોલીસને મોટી સફળતા: પ્રો Prohibition ગુનામાં નાસતો ફરતો વોન્ટેડ આરોપી વલસાડથી ઝબ્બે

વડોદરા

વડોદરા ગ્રામ્ય જિલ્લા પેરોલ ફર્લો સ્ક્વોર્ડે એક મોટી સફળતા હાસિલ કરતા, વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન (દારૂ)ના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા એક વોન્ટેડ આરોપીને વલસાડ ખાતેથી શોધી કાઢીને ઝડપી પાડ્યો છે.

ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ગુનેગારો પર કડક લગામ કસવા માટે વડોદરા ગ્રામ્યના પોલીસ અધિક્ષક શ્રી સુશીલ અગ્રવાલ દ્વારા 'ઓપરેશન પરાક્રમ' શરૂ કરવામાં આવ્યું છે. આ ઝુંબેશ અંતર્ગત પ્રોહિબિશન, ચોરી, લૂંટ, ધાડ, છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત જેવા ગંભીર અને ગેરકાયદેસર ગુનાઓમાં સંકળાયેલા કુખ્યાત તથા નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરવા ખાસ સૂચના આપવામાં આવી હતી.

આ સૂચનાના આધારે કાર્યરત વડોદરા ગ્રામ્ય પેરોલ ફર્લો સ્ક્વોર્ડને મળેલી ચોક્કસ બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ટીમ વલસાડ પહોંચી હતી. જ્યાંથી વડોદરા તાલુકા પો.સ્ટે.ના દારૂના કેસમાં નાસતા ફરતા આરોપી મિતેશભાઈ પટેલ (રહે. વલસાડ)ને સફળતાપૂર્વક ઝડપી લેવામાં આવ્યો હતો. ઝડપાયેલા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તેને વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસની આ ત્વરિત કાર્યવાહીથી ગુનેગારોમાં ફાળ પડી ગઈ છે.

### કરોડોનો ખર્ચો કર્યો છતાં પીજીવીસીએલની સ્થિતિ 'જૈસે થે'

# જેસર પંથકમાં વારંવાર વીજ ધાંધિયાથી લોકો ત્રાહિમામ

જેસર

જેસર પંથકમાં કરોડોના ખર્ચે પ્રિ-મોનસૂન કામગીરી કરી હોવા છતાં વારંવાર વીજ ધાંધિયાથી ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. દિવસ અને રાત્રિ દરમિયાન અનેકવાર વીજળી ગૂલ થાય છે અને જ્યારે કચેરી કે ફોલ્ટ સેન્ટરમા ફોન કરવામાં આવે તો ફોન લાગતો નથી ત્યારે આ મામલે યોગ્ય નિરાણકરણ આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



ચોમાસામાં વીજ પુરવઠો ખોરવાય નહી તે માટે પીજીવીસીએલ દ્વારા કરોડોના ખર્ચે પ્રિ-મોનસૂન કામગીરી કરવામાં આવે છે અને પ્રિ-મોનસૂન કામગીરીના નામે પણ ગ્રાહકો પર કલાકોનો વીજકાપ ઝિંકવામાં આવે છે. જેસર તાલુકામાં પણ સરકાર દ્વારા કરોડોના ખર્ચે પ્રિ-મોનસૂન કામગીરી અને કેબલ નાખવાની કામગીરી કરવામાં આવી છે. પરંતુ વરસાદની સ્થિતિમાં પરિસ્થિતિ જૈસે થે. જેસરમાં દિવસ અને રાત્રિ દરમિયાન અનેકવાર વીજળી ગૂલ થઈ જવાના પ્રશ્નને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. તેમજ લાઈટ જવા પાછળનું કારણ અને કેટલા સમયમાં લાઈટ આવશે તે જાણવા નાગરિકો ફોન કરે તો ફોન લાગતો નહી હોવાની ફરિયાદ ઉઠી છે.

તેમજ કલાકો સુધી ફોલ્ટનું નિવારણ આવતું નથી. જેસરના બહારપરા વિસ્તારમાં દિવસ દરમિયાન ૨૦થી ૨૫ વખત લાઈટ ચાલી જાય છે. આમ, વીજ ધાંધિયાના કારણે તાલુકાની પબ્લિક હેરાન થઈ રહી છે ત્યારે આ પ્રશ્નનું યોગ્ય નિરાકરણ આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

### અમરેલી પોલીસની મોટી સફળતા

# ઈન્સ્ટાગ્રામના 1800 ID ફેંદ્યા અને 'હેપ્પી બર્થ ડે' પોસ્ટથી 12 વર્ષ જૂનો અપહરણનો કેસ ઉકેલાયો

અમરેલી

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2014માં નોંધાયેલા 13 વર્ષની સગીરાના ગુમ થવા, અપહરણ અને POCSO એક્ટના ગંભીર ગુનામાં પોલીસે 12 વર્ષ બાદ મોટી સફળતા મેળવી છે. છેલ્લા ઘણાં વર્ષો દરમિયાન આ કેસમાં અંદાજે 16 પોલીસ ઈન્સ્પેક્ટર બદલાયા હતા, પરંતુ કેસનો ઉકેલ આવ્યો નહોતો. તાજેતરમાં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે જૂના દસ્તાવેજો અને ટેક્નિકલ સોર્સના આધારે ઝીણવટભરી તપાસ શરૂ કરીને આ વર્ષો જૂનો કોયડો ઉકેલી નાખ્યો છે.

પોલીસ પાસે તપાસની શ રૂઆતમાં માત્ર ગુમ થયેલી બાળકીનો જૂનો ફોટો, જન્મ તારીખ અને પરિવારની વિગતો જ હતી. મહિલા કર્મચારીઓની ખાસ ટીમ બનાવીને સોશિયલ મીડિયા પર તપાસ શરૂ કરવામાં આવી હતી. સગીરાની જન્મ તારીખના આધારે મહિલા કર્મચારીઓએ ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર આશરે 1800 આઈડી તપાસ્યા હતા. તપાસ દરમિયાન એક શંકા સ્પદ આઈડી પર ભોગ બનનારની જન્મ તારીખના દિવસે જ 'હેપ્પી બર્થ ડે' વિશ કરતી પોસ્ટ મળી આવી હતી.

# નડિયાદના રામેશ્વર સરોવરમાં પગ લપસતાં યુવકનું ડૂબી જવાથી કરુણ મોત: ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો

નડિયાદ

નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા જાણીતા રામેશ્વર સરોવર ખાતે એક અત્યંત દુઃખદ અને કરુણ ઘટના સામે આવી છે. સરોવર કિનારે અચાનક પગ લપસી જતાં રમેશ બારૈયા નામનો યુવક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, જેના કારણે તેનું ડૂબી જવાથી કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

ઘટનાની વિગતો મુજબ, નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં આવેલ રામેશ્વર સરોવર નજીક રમેશ બારૈયા પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક તેમનો પગ લપસી ગયો હતો અને તેઓ સરોવરના ઊંડા પાણીમાં ખાબક્યા હતા. આસપાસના લોકો કઈ સમજે કે મદદ માટે પહોંચે તે પહેલાં જ તેઓ પાણીના ઊંડાણમાં ગુમ થઈ ગયા હતા. ઘટનાને પગલે આસપાસના રહીશોમાં અફરાતફરી મચી ગઈ હતી અને તુરંત જ આ અંગે નડિયાદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર ટીમનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર ટીમના જવાનોએ તાત્કાલિક સરોવરમાં બોટ અને ખાસ સાધનોની મદદથી સઘન શ્રદ્ધાંજલિ અને શોધખોળ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. કલાકોની ભારે જહેમત બાદ જવાનોએ રમેશ બારૈયાના મૃતદેહને સરોવરમાંથી સફળતાપૂર્વક બહાર કાઢ્યો હતો.

### ઝારખંડ-પટણા ગેંગના 4 ઠગોની ધરપકડ

# સુરત સાઈબર ક્રાઈમની મોટી કાર્યવાહી : રૂપિયા 125 કરોડનું દેશવ્યાપી ફ્રોડ પકડ્યું

સુરત

સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે દેશવ્યાપી સાયબર ફ્રોડ આચરતી એક અત્યંત શાતીર ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસ ટીમે ઝારખંડના જામતારા અને દેવઘરથી લઈને બિહારના પટના સુધી 2,456 કિલોમીટરનો લાંબો પ્રવાસ ખેડી, પટનાની એક હોટલમાંથી માસ્ટરમાઈન્ડ ચાંદ સહિત 4 આરોપીઓની ધરપકડ કરી છે. ડેવલપર પાસેથી માત્ર 8000માં ખરીદેલી એક ખતરનાક APK ફાઈલ જામતારાની ઠગ ગેંગોને 10,000થી લઈને 70,000 સુધીમાં વેચવામાં આવતી હતી. શાતીર ચાંદે અત્યાર સુધીમાં આવી 1,248થી વધુ APK ફાઈલો ખરીદીને અલગ-અલગ ગેંગોને સપ્લાય કરી હતી. બેંક, RTO ચલણ, સરકારી યોજના કે હોસ્પિટલના નામે બનેલી 336 જેટલી બોગસ ફાઈલો વોટ્સએપ મારફતે વાઈરલ કરવામાં આવી હતી. આ સાયબર ઠગો પંજાબ નેશનલ બેંકની અસલ એપ્લિકેશન જેવી જ દેખાતી બનાવટી "PNB One.APK" ફાઈલ બનાવી



વોટ્સએપ મારફતે લોકોને મોકલતા હતા. ભોગ બનનાર વ્યક્તિ આ APK ફાઈલ ઈન્સ્ટોલ કરે એટલે આરોપીઓ તેના ફોનનો પૂર્ણ એક્સેસ મેળવી, ફોન હેક કરી લેતા હતા. ત્યારબાદ બેંક એકાઉન્ટમાંથી પૈસા ટ્રાન્સફર કરી મ્યુલ એકાઉન્ટ્સ અને કેશ ડિપોઝિટ મશીન દ્વારા પોતાના ખાતાઓમાં જમા કરાવી લેતા હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, મુખ્ય આરોપી ચાંદ દ્વારા 336 જેટલી બોગસ APK ફાઈલો બનાવવામાં આવી હતી, જે દેશભરમાં 31,174થી વધુ મોબાઈલ ઉપકરણોમાં ઈન્સ્ટોલ થઈ ચૂકી હતી. આ ગેંગે 5,613 જેટલાં લોકોના ફોન હેક કરીને અંદાજે 125.39 કરોડથી પણ વધુ રકમની દેશવ્યાપી સાયબર છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. જાહેર જનતા માટે સાયબર સુરક્ષા ચેતવણી છે કે, વોટ્સએપ, SMS કે અજાણી લિંક પરથી આવતી કોઈ પણ APK ફાઈલ ક્યારેય ડાઉનલોડ કે ઈન્સ્ટોલ કરવી નહીં.

### ગુજરાત ATS અને રાજસ્થાન પોલીસે

# HPCL પાઇપલાઇનમાંથી ઓઇલ ચોરી કરતી ગેંગનો કર્યો પર્દાફાશ, 8 ઝડપાયા

## આ ગેંગ રાજસ્થાનના બાલોત્રા જિલ્લામાંથી ઓઇલ ચોરી કરી ગુજરાતમાં વેચતી હતી

ગાંધીનગર

ગુજરાત ATS અને રાજસ્થાન પોલીસે એક સફળ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને રાજસ્થાનમાં આવેલી HPCL કંપનીની પાઈપલાઈનમાં ગેરકાયદે રીતે પંચર કરી ઓઈલની ચોરી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ રાજસ્થાનમાંથી ઓઈલ ચોરી કરીને તેને ગુજરાતમાં ઊંચા ભાવે વેચવાનું નેટવર્ક ચલાવતી હતી. પોલીસે આ મોટા કૌભાંડમાં સંડોવાયેલા કુલ 8 આરોપીઓની ધરપકડ કરી છે. ઓઈલ ચોરીના મોટા કૌભાંડ અંગે ATSની ટીમને બાતમી મળી હતી કે, ગુજરાત અને રાજસ્થાનના કેટલાક શખસો રાજસ્થાનના બાલોત્રા જિલ્લામાંથી પસાર થતી HPCLની પાઈપલાઈનમાં પંચર કરી ઓઈલ ચોરી રહ્યા છે અને તેને અમદાવાદ-રાજકોટ હાઈવે પર વેચવાનું કાવતરું છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને અમદાવાદ-રાજકોટ હાઈવે પર કુવાડવા નજીક સોખડા ગામના રસ્તેથી એક શંકાસ્પદ શખસની અટકાયત કરી હતી. તેની પાસે રહેલા ઓઈલ બાબતે કડકાઈથી પૂછપરછ કરતાં તેણે કબૂલાત કરી હતી કે, આ જથ્થો તે રાજસ્થાનના કાલુડી ગામ પાસેથી ચોરીને લાવ્યો હતો.





આરોપીની કબૂલાત બાદ તપાસનો દોર રાજસ્થાન સુધી લંબાયો હતો. ગુજરાત ATSની ટીમે રાજસ્થાન પહોંચીને ટાપરા પાસેના એક ઢાબા પરથી અન્ય 7 શખસોને ઝડપી પાડ્યા હતા. તેમને જાસોલ પોલીસ મથકે લઈ જઈને પૂછપરછ કરતા હકીકત સામે આવી હતી કે, બાલોત્રા જિલ્લાના કાલુડી ગામની સીમમાં ખરાબાની જમીનમાં તેઓએ 3થી 4 ફૂટ ઊંડો ખાડો ખોદીને HPCLની પાઈપલાઈનમાં ગેરકાયદે વાલ્વ ફીટ કર્યો હતો. રાજસ્થાન પોલીસ અને HPCLના અધિકારીઓને સાથે રાખીને તપાસ કરતા આ વાલ્વ મળી આવ્યો હતો.

# શિક્ષિકા પર દુષ્કર્મ કેસમાં પૂર્વ વિદ્યાર્થીના જામીન મંજૂર : 22 મહિના બાદ નોંધાયેલી ફરિયાદ સામે બચાવપક્ષે હનીટ્રેપના આક્ષેપ કર્યા

રાજકોટ

રાજકોટમાં ભારે ચર્ચાસ્પદ બનેલા શિક્ષિકા પર દુષ્કર્મના કેસમાં સેશન્સ કોર્ટે મહત્વનો ચુકાદો આપતા પૂર્વ વિદ્યાર્થીના જામીન મંજૂર કર્યા છે. બચાવપક્ષ દ્વારા અદાલતમાં રજૂઆત કરવામાં આવી હતી કે શિક્ષિકાએ યુવકને પ્રેમજાળમાં ફસાવી હનીટ્રેપનો શિકાર બનાવવાનો પ્રયાસ કર્યો છે, જે દલીલોને ધ્યાને રાખી કોર્ટે આરોપીને રાહત આપી છે. ઘટનાના ૨૨ મહિના જેટલા લાંબા સમયગાળા બાદ ફરિયાદ નોંધાવવામાં આવી હોવાના મુદ્દાને બચાવપક્ષે અદાલતમાં મુખ્ય આધાર બનાવ્યો હતો. આરોપીના વકીલે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે ફરિયાદી શિક્ષિકાએ પૂર્વ વિદ્યાર્થીને પ્રેમજાળમાં ફસાવીને આર્થિક કે અન્ય ફાયદા મેળવવા હનીટ્રેપ રચ્યું હતું અને કેસમાં કરવામાં આવેલા તમામ આક્ષેપો પાયાવિહોણા છે. બંને પક્ષોની ધારદાર દલીલો સાંભળ્યા બાદ અને ૨૨ મહિનાના વિલંબ સહિતના તથ્યોને ધ્યાનમાં રાખીને સેશન્સ કોર્ટે પૂર્વ વિદ્યાર્થીના જામીન મંજૂર કરવાનો આદેશ કર્યો છે.

# 'શક્તિદૂત 2.0' યોજનાનો નાયબ મુખ્યમંત્રીના હસ્તે આજે ગાંધીનગરથી રાજ્યવ્યાપી શુભારંભ કરાશે

## નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે 799 પ્રતિભાશાળી ખેલાડીઓને એવોર્ડ વિતરણ તેમજ રૂ. 388 કરોડથી વધુ રકમના વિવિધ રમત સંકુલ-લાઇબ્રેરીનું ઇ ભૂમિપૂજન- ઇ લોકાર્પણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર

રાજ્યના રમતગમત ક્ષેત્રને નવી ઊંચાઈઓ પર લઈ જવા અને વૈશ્વિક સ્તરે દેશ-રાજ્યનું નામ રોશન કરતા પ્રતિભાશાળી રમતવીરોને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત સરકારે 'શક્તિદૂત યોજના'માં ક્રાંતિકારી સુધારા કરી 'શક્તિદૂત ૨.૦' અમલી બનાવી છે. 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'ના ધ્યેય મંત્ર સાથે 'શક્તિદૂત ૨.૦' યોજનાનો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આવતીકાલે તા.૧૨ ઓગષ્ટના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગરથી રાજ્યવ્યાપી શુભારંભ કરાશે.

આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીના હસ્તે ૭૯૯ પ્રતિભાશાળી ખેલાડીઓને એવોર્ડ વિતરણ તેમજ રાજ્યભરમાં રૂ. ૩૮૮ કરોડથી વધુ રકમના વિવિધ રમત સંકુલ-લાઈબ્રેરીનું ઈ ભૂમિપૂજન અને ઈ લોકાર્પણ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ખેલાડીઓને એકલવ્ય એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ અને જયદિપસિંહજી એવોર્ડ એનાયત કરવામાં આવશે. આ યોજનાનો મુખ્ય ધ્યેય રાજ્યના આશાસ્પદ ખેલાડીઓની ક્ષમતાને ઓળખી તેમને જરૂરીયાત મુજબની (Need Based) રમતગમત સુવિધાઓ, પૌષ્ટિક આહાર, આધુનિક સાધનો, દેશ-વિદેશમાં તાલીમ, નિષ્ણાંત પ્રશિક્ષકો અને મેડિકલ સહાય પૂરી પાડીને ઓલિમ્પિક્સ અને એશિયન ગેમ્સ જેવા આંતરરાષ્ટ્રીય મંચ માટે ચેમ્પિયન તૈયાર કરવાનો છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધી આ યોજના હેઠળના ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ ૮૩૧ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૭૭૩ મળીને કુલ ૧૬૦૪ મેડલ મેળવીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે. નવીન 'શક્તિદૂત ૨.૦' અંતર્ગત રમતવીરોના સર્વાંગી વિકાસ માટે આર્થિક સહાયમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. ખેલાડીઓની જરૂરિયાત અને ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધારે મહત્તમ સહાય રૂ. ૨૫ લાખથી વધારીને રૂ.૫૦ લાખ સુધી કરવામાં આવી છે.


### જેતપુર-નવાગઢ નગરપાલિકામાં પ્રાથમિક સુવિધાઓ મુદ્દે ગરમાવો

# વોર્ડ નંબર-2ના મુદ્દે કોંગ્રેસના મહિલા કોર્પોરેટરના પ્રતીક ઉપવાસ, તંત્રના દાવા સામે વિપક્ષના આકરા પ્રહારો

## સ્થાનિકો નિયમિતપણે નગરપાલિકાના તમામ ટેક્સ ભરે છે, છતાં તેમને પાયાની સુવિધાઓથી વંચિત રખાય છે

જેતપુર

જેતપુર-નવાગઢ નગરપાલિકામાં પાયાની સુવિધાઓના મુદ્દે રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. વોર્ડ નંબર-2માં રોડ, રસ્તા, ભૂગર્ભ ગટર અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓના ભારે અભાવનો આક્ષેપ કરીને કોંગ્રેસના મહિલા સભ્ય જયશ્રીબેન બગડા નગરપાલિકા કચેરી સામે જ પ્રતીક ઉપવાસ પર ઉતરી આવ્યા છે. આ આંદોલનમાં સ્થાનિક મહિલાઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી, જેના કારણે પાલિકા તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે.





વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસના મહિલા સભ્ય અને સ્થાનિક રહીશોએ તંત્ર સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે: વોર્ડ નંબર-2 હેઠળ આવતા આંબેડકર નગર, ખાટકીવાડ અને ખોડિયાર ધાર જેવા વિસ્તારોમાં લાંબા સમયથી બિસ્માર રસ્તાઓ, ઉભરાતી ગટરો અને પીવાના પાણીની વિકટ સમસ્યા છે. જયશ્રીબેન બગડાનો સ્પષ્ટ આક્ષેપ છે કે તેઓ વિપક્ષ (કોંગ્રેસ) માંથી ચૂંટાયેલા હોવાના કારણે તંત્ર દ્વારા તેમના વોર્ડ પ્રત્યે અન્યાય અને પક્ષપાત કરવામાં આવી રહ્યો છે. સ્થાનિકો નિયમિતપણે નગરપાલિકાના તમામ ટેક્સ ભરે છે, છતાં તેમને પાયાની સુવિધાઓથી વંચિત રખાય છે. જો સુવિધાઓ ન આપી શકાતી હોય તો આ વિસ્તારમાંથી ટેક્સ લેવાનું બંધ કરવું જોઈએ. અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં નગરપાલિકાના અધિકારીઓએ કોઈ નક્કર કાર્યવાહી ન કરતા આખરે આંદોલનનો માર્ગ અપનાવવો પડ્યો છે.

બીજી તરફ, નગરપાલિકાના હેડ ક્લાર્કે તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવતા પાલિકાનો પક્ષ રજૂ કર્યો છે: વોર્ડ નંબર-2માં જરૂરી પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે અને કામગીરી સતત ચાલુ છે. આ વિસ્તાર માટે બે નવા મુખ્ય રસ્તાઓના કામ મંજૂર થઈ ચૂક્યા છે.

રસ્તાના નિર્માણ માટેના વર્ક ઓર્ડર પણ આપી દેવાયા છે અને ખૂબ જ ટૂંક સમયમાં સ્થળ પર કામગીરી શરૂ થઈ જશે.

એક તરફ ટેક્સ ભરતી જનતા સુવિધાઓ માટે રસ્તા પર ઉતરવા મજબૂર બની છે, તો બીજી તરફ તંત્ર કાગળ પર કામ મંજૂર થયાના દાવા કરી રહ્યું છે.

## સુરત GMCમાં રેગિંગના રાક્ષસે લીધો વધુ એક માસુમ ડોક્ટરની બલિ : 10 જુનિયરોની લેખિત ફરિયાદ બાદ ખળભળાટ


સુરત

સુરતની સરકારી મેડિકલ કોલેજ (GMC) અને નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને શરમજનક ઘટના સામે આવી છે. કેમ્પસમાં ચાલતા રેગિંગ અને સતત માનસિક ત્રાસથી કંટાળીને પ્રથમ વર્ષના પીજી મેડિકલ વિદ્યાર્થી ડો. હર્ષ પંડ્યાએ આપઘાત કરી લેતાં સમગ્ર તબીબી આલમ અને રાજ્યભરમાં ભારે ચકચાર મચી ગઈછે. મૂળ અરવલ્લી જિલ્લાના મોડાસાના વતની અને માઈક્રોબાયોલોજી વિભાગમાં ફર્સ્ટ યર MD નો અભ્યાસ કરતા ૨૯ વર્ષીય ડો. હર્ષ પંડ્યા રવિવારે, ૯ ઓગસ્ટના રોજ પીજી હોસ્ટેલના પોતાના રૂમમાં રહસ્યમય રીતે મૃત હાલતમાં લટકતા મળી આવ્યા હતા. રવિવારે સવારે તેઓ પોતાની નિયમિત ડ્યુટી પર હાજર ન થતાં, ચિંતિત થયેલા સાથી ડોક્ટરોએ હોસ્ટેલના રૂમે જઈ તપાસ કરી હતી. દરવાજો અંદરથી બંધ હોવાથી દરવાજો તોડીને જોતાં જ સૌના હોશ ઊડી ગયા હતા અને આ કરુણ ઘટના પ્રકાશમાં આવી હતી. આ આપઘાત બાદ મૃતક ડોક્ટરના પિતા તેમજ તેમની સાથે અભ્યાસ કરતા અન્ય ૯ જેટલા પ્રથમ વર્ષના જુનિયર રેસિડેન્ટ ડોક્ટરોએ સિનિયરો સામે સણસણતા આક્ષેપો કર્યા છે. તેમણે લેખિતમાં ગંભીર ફરિયાદો નોંધાવી છે કે સિનિયર ડોક્ટરો દ્વારા તેમની સાથે સતત અમાનવીય વર્તન, માનસિક ઉત્પીડન અને ગંભીર કક્ષાનું રેગિંગ કરવામાં આવતું હતું, જેનાથી તંગ આવીને ડો. હર્ષે આ આત્યંતિક પગલું ભર્યું હતું.

## બંધ ફ્લેટને તસ્કરોએ નિશાન બનાવ્યો:પરિવાર સાથે સાયલા દર્શને ગયેલા વેપારીના ફ્લેટમાં તસ્કરો ત્રાટક્યા

વડોદરા

ચાંદીના દાગીના અને રોકડ સહિત કુલ 11.40 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ જતા ચકચાર મચી ગઈ છે. પરિવાર સાથે બહારગામ ગયેલા વેપારીને સોસાયટીના પ્રમુખ અને મિત્રએ ફોન કરી ઘરનો દરવાજો ખુલ્લો હોવાની જાણ કરી હતી. આ મામલે છાણી પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રણોલી ચોકડી ખાતે કિરણ ઓટો ગેરેજ ચલાવતા વેપારી સુનિલકુમાર પટેલ તારીખ 8 ઓગસ્ટના રોજ બપોરે તેમની માતા, પત્ની અને બે બાળકો સાથે વેગનઆર કારમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ખાતે ગુરુજીના દર્શન કરવા ગયા હતા. પરિવાર રાત્રે સાયલા ખાતે રોકાયો હતો. આ દરમિયાન તારીખ 9 ઓગસ્ટની વહેલી સવારે વેપારીના મિત્રએ ફોન કરીને ફ્લેટનો દરવાજો ખુલ્લો હોવાની જાણ કરી હતી.




ત્યારબાદ સોસાયટીના પ્રમુખે પણ ઘરનો સામાન વેરવિખેર હોવાનું જણાવી ચોરીની આશંકા વ્યક્ત કરી હતી. વેપારી પરિવાર સાથે પરત ફર્યો ત્યારે ફ્લેટના મુખ્ય લોખંડના દરવાજાનો નકુચો, ચેનલ લોક તેમજ લાકડાના દરવાજાના સેન્ટર લોક તોડી નાખવામાં આવ્યા હોવાનું જણાયું હતું. ઘરમાં તપાસ કરતાં બંને બેડરૂમમાં આવેલી લોખંડની તિજોરીઓના લોક પણ તોડી નાખવામાં આવ્યા હતા અને સામાન બેડ તથા જમીન પર વેરવિખેર પડ્યો હતો.

### શ્રી ખાટુ શ્યામ મંદિર ખાતે દેશપ્રેમનો સંદેશ ગુંજ્યો

# ડભોઈમાં ભાજપ દ્વારા 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત રાષ્ટ્રધ્વજનું વિતરણ

ડભોઇ

આગામી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં 'હર ઘર તિરંગા' અભિયાન અત્યંત ઉત્સાહ અને દેશભક્તિના માહોલમાં ચલાવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત વડોદરા જિલ્લાના ડભોઇ સ્થિત શિનોર ચોકડી પાસે, BSNL ઓફિસ નજીક આવેલા પ્રસિદ્ધ શ્રી ખાટુ શ્યામ મંદિર પરિસરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા એક વિશેષ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંદિર પરિસરમાં ઉપસ્થિત તમામ શ્રદ્ધાળુઓ, સ્થાનિક ભાઈઓ અને બહેનોને સન્માનપૂર્વક રાષ્ટ્રધ્વજ તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સરાહનીય કાર્યક્રમનું સફળ આયોજન ભારતીય જનતા પાર્ટીના ઉચ્ચ નેતૃત્વના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પ્રદેશ સંગઠન



મહાસચિવ શ્રી રત્નાકરજી, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ મહાસચિવ શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ તેમજ અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ શ્રી કિરીટભાઈ સોલંકી સહિતના અગ્રણી નેતાઓના માર્ગદર્શન હેઠળ ડભોઇના સ્થાનિક ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરો દ્વારા આ સમગ્ર વિતરણ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે વડોદરા જિલ્લા અને ડભોઇ ભાજપના અગ્રણીઓ તથા તેમની સ્થાનિક ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે માજી નગરપાલિકા પ્રમુખ વિનોદભાઈ સોલંકી, મહેન્દ્રભાઈ રાઠોડ, શ્રીમતી રમીલાબેન સોલંકી, શ્રીમતી વિમળાબેન પટેલ તથા દીપકભાઈ સોલંકી સહિત સમગ્ર ટીમના સભ્યોએ ખાસ ઉપસ્થિત રહી વિતરણ વ્યવસ્થા સંભાળી હતી. તેમણે સ્થાનિક નાગરિકોમાં દેશભક્તિની જ્યોત પ્રજ્વલિત રહે તેવા આશયથી દરેક નાગરિકને પોતાના ઘરે આદરપૂર્વક તિરંગો લહેરાવવા પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે ઉપસ્થિત અગ્રણીઓએ જણાવ્યું હતું કે, 'હર ઘર તિરંગા' અભિયાન એ માત્ર એક ઔપચારિક કાર્યક્રમ નથી, પરંતુ દેશના પ્રત્યેક નાગરિકમાં રાષ્ટ્રપ્રેમ, એકતા અને અખંડિતતાની ભાવના મજબૂત કરવાનું એક ભવ્ય માધ્યમ છે.

## દાંતા રતનપુર ચોકડી ઉપર બોલેરો ગાડીમાં અચાનક ભીષણ આગ લાગતા અફડાતફડી મચી

દાંતા

દાંતા રતનપુર ચોકડી ઉપર ચાલુ bolero ગાડીમાં આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ત્યારે દાંતા તાલુકામાં અનેકવાર ગાડીઓમાં આગ લાગવાના બનાવ બનતા હોય છે ત્યારે દાંતા તરફ આવતી bolero ગાડીમાં કોઈ કારણોસર અચાનક આગ લાગતા ભયનો માહોલ સર્જાયો હતો ત્યારે દાંતા તાલુકામાં ફાયર સેફ્ટીના અભાવના કારણે બોલેરો ગાડી બળીને ખાખ થઈ હતી ત્યારે અંબાજીથી ફાયર ટીમ પહોંચે તે પહેલા જ બોલેરો કાર સળગી ઊઠી હતી ત્યારે લોકોમાં માંગ ઉઠી રહી છે કે દાંતા તાલુકો વચ્ચેના સેન્ટરમાં હોવાના કારણે ફાયર સેફ્ટી હોવી જરૂરી બન્યું છે.



ત્યારે દાંતા ની આજુબાજુના વિસ્તારમાં ગાડી હોય કે મકાનો હોય જ્યારે આગ લાગતી હોય ત્યારે અંબાજીનું ફાયર પહોંચે તે પહેલા જ બળીને ખાખ થતું હોય છે ત્યારે લોકોમાં એક જ માંગ ઉઠી રહી છે કે દાંતામાં હાયર સેફ્ટી વહેલી તકે મૂકવામાં આવે તે જરૂરી બન્યું છે જો દાંતામાં જ ફાયર ની સુવિધા હોત તો બોલેરોમાં મોટું નુકસાન ન થતું.

### ડાકોર-ઉમરેઠ રોડ પર ત્રિપલ અકસ્માત

# મુસાફરો ભરેલી ST બસ સહિત 4 વાહનો વચ્ચે ગોઝારો અકસ્માત, માર્ગ પર ટ્રાફિક જામ

ડાકોર

ડાકોર-ઉમરેઠ માર્ગ પર આજે એક અત્યંત ગંભીર અને ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે. મુસાફરોથી ખચોખચ ભરેલી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (ST) ની બસ સહિત એકસાથે ચાર વાહનો વચ્ચે ધડાકાભેર ટક્કર થતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ચીસાચીસનો માહોલ સર્જાયો હતો.

ડાકોર-ઉમરેઠ હાઈવે પર પૂરઝડપે આવી રહેલી એસ.ટી. બસ અને અન્ય ત્રણ ખાનગી વાહનો (કાર્ડ/ચાર પૈડાં વાળા વાહનો) વચ્ચે અચાનક અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે વાહનોના કુરચે-કુરચા ઉડી ગયા હતા.

સ્થાનિકો દ્વારા તાત્કાલિક રાહત કામગીરી: અકસ્માતનો ભયાનક અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક રહીશો અને માર્ગ પરથી પસાર થતા અન્ય વાહનચાલકો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ સમય સૂચકતા વાપરીને એસ.ટી. બસમાં ફસાયેલા ભયભીત મુસાફરોને બારી અને દરવાજામાંથી બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી.

માર્ગ પર ભારે ટ્રાફિક જામ: અકસ્માતગ્રસ્ત વાહનો વચ્ચે રસ્તા પર જ વચોવચ રોકાઈ જતાં ડાકોર-ઉમરેઠ હાઈવે પર બંને બાજુ વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી, જેના કારણે વાહનવ્યવહાર કલાકો સુધી ખોરવાઈ ગયો હતો.

પોલીસ અને તંત્રની કાર્યવાહી

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો તથા 108 એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી.

ઈજાગ્રસ્ત મુસાફરોને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે ક્રેન બોલાવીને અકસ્માતગ્રસ્ત વાહનોને માર્ગ પરથી હટાવી ટ્રાફિક પૂર્વવત કરાવવાની કામગીરી શરૂ કરી છે.

અકસ્માત કયા કારણોસર સર્જાયો (ડ્રાઈવરની લાપરવાહી, ઓવરટેકિંગ કે યાંત્રિક ખામી) તે અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અકસ્માત પછી કાર્યવાહી નહીં, અકસ્માત પહેલાં સાવચેતી જરૂરી

ભરૂચ, રંગુની જાકીર

આમોદ NH-64 ચોકડી પર કોઈ મોટી દુર્ઘટના સર્જાય અને ત્યારબાદ તંત્ર દોડતું થાય તે પહેલાં જ રખડતા પશુઓ અને હાઈવે સેફ્ટીનો મુદ્દો ગંભીરતાથી ઉકેલવો જરૂરી છે.




પ્રશ્ન એ નથી કે અકસ્માત ક્યારે થશે; પ્રશ્ન એ છે કે અકસ્માત રોકવા માટે તંત્ર ક્યારે જાગશે?

સ્થાનિકો અને વાહનચાલકોની માંગ છે કે સંબંધિત વિભાગ દ્વારા સ્થળનું તાત્કાલિક નિરીક્ષણ કરવામાં આવે, રખડતા પશુઓને નિયંત્રિત કરવા માટે અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવે તથા NH-64 ચોકડીની હાઈવે સેફ્ટી વ્યવસ્થાની સંપૂર્ણ સમીક્ષા કરવામાં આવે.

સાથે જ, અત્યાર સુધી કરવામાં આવેલી કામગીરી અને આગામી કાર્યવાહી અંગે જાહેર રીતે સ્પષ્ટતા કરવામાં આવે, જેથી કોઈ મોટી દુર્ઘટના બાદ જવાબદારી નક્કી કરવાની નોબત ન આવે.

હવે જોવાનું એ છે કે તંત્ર કોઈ અનિચ્છનીય ઘટના બને તેની રાહ જોશે કે પછી સમયસર પગલાં લઈ સંભવિત અકસ્માતને અટકાવશે?

### દશામાના દસ દિવસીય વ્રતનો પ્રારંભ

# ડભોઈમાં દશામા વ્રતને મૂર્તિ ખરીદવા મહિલાઓની ભારે ભીડ

ડભોઈ

ડભોઈમાં દશામાના દસ દિવસીય વ્રતનો આવતીકાલથી પ્રારંભ થવા જઈ રહ્યો છે, ત્યારે આજે મૂર્તિ ખરીદવા માટે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

નગરપાલિકા દ્વારા આ વર્ષે રાધે કોમ્પ્લેક્સ પાછળના નવા માર્ગ પર દશામાની મૂર્તિની હાટડીઓ ફાળવવામાં આવી હતી.આ ફાળવણી ગત વર્ષની સરખામણીમાં વિનામૂલ્યે કરવામાં આવી હતી. આ નવા માર્ગ પર મૂર્તિ વેચનારાઓ ઉપરાંત શૃંગાર, પૂજાપાઠની સામગ્રી અને ફૂલો વેચનારા 50થી વધુ વેપારીઓએ પોતાની હાટડીઓ લગાવી હતી.

ડભોઇ નગર અને તાલુકામાંથી મોટી સંખ્યામાં ભક્તજનો મૂર્તિઓ અને પૂજા સામગ્રી ખરીદવા ઉમટી





પડ્યા હતા. સમગ્ર માહોલ ભક્તિમય બન્યો હતો. ભક્તોમાં વ્રતને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.આ વખતે મૂર્તિના ભાવમાં 50 ટકા જેટલો વધારો જોવા મળ્યો હતો, જેમાં રૂપિયા 100 થી લઈને રૂપિયા 4000 સુધીની મૂર્તિઓ ઉપલબ્ધ હતી.

નવા માર્ગ પર મૂર્તિ વેચનારાઓને જગ્યા ફાળવવાથી ડભોઇ નગરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકની સમસ્યા હલ થઈ હતી.

આ વ્યવસ્થાથી નગર અને તાલુકામાંથી આવેલા ભાવીભક્તોને પણ માતાજીની મૂર્તિ લઈને જવામાં સુગમતા રહી હતી. આજે મૂર્તિ ખરીદવાનો છેલ્લો દિવસ હોવાથી ભક્તોની ખૂબ જ મોટી સંખ્યામાં ભીડ જોવા મળી હતી.

### વડોદરા પોલીસે ઉતાર્યો મોહરાનો નકાબ

# સોશિયલ મીડિયા પર ફેમસ થવાના ઘેલામાં 'તમન્ના સૈયદ' જેલના સળિયા પાછળ: દંપતીના 7 દિવસના રિમાન્ડ મંજૂર

વડોદરા

વડોદરા શહેરમાં સોશિયલ મીડિયા પર રાતોરાત ફોલોઅર્સ વધારવા અને પબ્લિસિટી મેળવવાના ઘેલામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉઠાવનારી મહિલા તમન્ના સૈયદનો આખરે પર્દાફાશ થયો છે. વડોદરા શહેર પોલીસ અને કાયદા-વ્યવસ્થાની છબી ખરડવાના ઈરાદાથી પાયાવિહોણા અને આધાર-પુરાવા વગરના વીડિયો બનાવી વાયરલ કરનાર તમન્ના સૈયદ સામે સાયબર ક્રાઈમ પોલીસે સકંજો કસી વધુ એક ગુનો દાખલ કર્યો છે.

સસ્તા ગતકડાં અને વાયરલ વીડિયો: સોશિયલ મીડિયા પર હુક્કા-સિગારેટના ધુમાડા



ઉડાડતા તેમજ 500ની નોટોના બંડલો સાથે રોફ જમાવતા વીડિયો સામે આવ્યા બાદ પોલીસ એક્શનમાં આવી હતી.

તમન્ના સૈયદે વડોદરામાં ખુલ્લેઆમ ડ્રગ્સનું વેચાણ થતું હોવાના કોઈ પણ પુરાવા વગરના વીડિયો બનાવી વાયરલ કર્યા હતા. માત્ર ફેમસ થવા માટે પોલીસ તંત્ર સામે ભ્રામક પ્રચાર કરવા બદલ સાયબર ક્રાઈમ પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી તેની સામે કડક કાર્યવાહી કરી છે.

જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો: તમન્ના સૈયદ માત્ર સોશિયલ મીડિયા પૂરતી મર્યાદિત ન હતી, પરંતુ તેના પર વ્યાજખોરી અને લોકોને ધમકી આપવાના પણ ગંભીર આક્ષેપો છે.

જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વ્યાજખોરી અને ધમકીના કેસમાં પોલીસે તમન્ના સૈયદ અને તેના પતિ સોહીલ સૈયદની ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપી દંપતીને કોર્ટમાં રજૂ કરી તેમનાં વિરૂદ્ધ વધુ તપાસ માટે 7 દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

### લાલપુરના ખેડૂતનો GETCO અને પોલીસ સામે મોરચો

# કરોડોના બનાવટી દસ્તાવેજ બનાવી બોગસ અંગૂઠો માર્યાનો આક્ષેપ : DSPને આવેદન આપી FIRની માંગ

જામનગર

જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં સરકારી વીજ કંપની GETCO (જેટકો) અને સ્થાનિક પોલીસ તંત્રની મિલીભગત સામે એક ખેડૂતે મોરચો માંડ્યો છે. નાના ખડબા ગામના રહેવાસી ગંગાસિંહજી વાઢેરે જિલ્લા પોલીસ વડા (DSP) જામનગરને લેખિત રજૂઆત કરી જેટકોના અધિકારીઓ સામે બોગસ અંગૂઠા મારી કૌભાંડ આચરવા બદલ ત્વરિત FIR નોંધવા અને સમગ્ર મામલે FSL તપાસ કરાવવા આકરી માંગણી કરી છે.

ખેડૂતના જણાવ્યા અનુસાર મોરખ-ખડબા ગામે તેમની ખાતા નંબર-૭૪૩ અને સર્વે નંબર-૧૨૩ી જમીન આવેલી છે. વર્ષ ૨૦૧૨માં જેટકો દ્વારા આ જમીન પરથી ૪૦ કે.વી.ની વીજલાઈન પસાર કરવામાં આવી હતી.


ખેડૂતે ક્યારેય વીજલાઈન નાખવા માટે સંમતિ આપી ન હતી કે કોઈ વળતર સ્વીકાર્યું ન હતું. પરંતુ RTI હેઠળ માહિતી માંગતા ખુલાસો થયો હતો કે કંપનીએ બનાવટી દસ્તાવેજો (Forgery) ઊભા કરી ખેડૂતનો બોગસ અંગૂઠો મારી દીધો હતો. જેટકો કંપની એમ દાવો કરે છે કે ટ્રાન્સમિશન ટાવર એક્ટ હેઠળ જમીન માલિકની સંમતિની જરૂર હોતી નથી. જો સંમતિની જરૂર ન હતી, તો પછી કાગળ પર ખેડૂતનો બનાવટી અંગૂઠો કેમ લેવામાં આવ્યો? આ સવાલ તંત્ર સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો કરે છે. ખેડૂતે લાલપુર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હોવા છતાં પોલીસે કોઈ કાયદેસરની કાર્યવાહી કરી નથી: FIR ના નોંધાઈ: દસ્તાવેજમાં ખોટો અંગૂઠો દર્શાવવો એ કોગ્નિઝેબલ અને ગંભીર ફોજદારી ગુનો હોવા છતાં પોલીસે એફ.આઈ.આર. નોંધી નથી કે વિવાદિત કાગળો FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)માં મોકલ્યા નથી. ખેડૂતનો આક્ષેપ: પોલીસ ખાનગી/વીજ કંપનીઓ વિરુદ્ધ ખેડૂતોની અરજીઓને મનસ્વી રીતે ફગાવી દે છે અને કંપનીઓ સાથે 'સમાધાન' કરી લેવા માટે ખેડૂતો પર ગેરવર્તણૂક કરીને દબાણ લાવે છે.

## તંત્રી લેખ...

# બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને અમેરિકાની યુનિવર્સિટીઓ ભારતમાં આવી પણ ધાર્યું પરિણામ મળતું નથી

ભારતીયોમાં વિદેશ જઈને નોકરી કરવાની જે મહેચ્છા હતી તે તો આજેય અકબંધ છે પણ છેલ્લાં દોઢેક દાયકાથી વિદેશમાં જઈને ભણવાનો અને ત્યાં સ્થાયી થવાનો ટ્રેન્ડ પણ એટલો જ ડિમાન્ડમાં ચાલી રહ્યો છે. તેમાંય છેલ્લાં એક દાયકામાં મધ્યમ વર્ગે આંતરરાષ્ટ્રીય શિક્ષણ પાછળ લાખો રૂપિયા ખર્ચવાનું શરૂ કરી દીધું છે. દર વર્ષે લાખો યુવાનો દુનિયાભરના દેશોમાં અભ્યાસ માટે જાય છે. બીજી તરફ છેલ્લાં બે-ત્રણ વર્ષમાં જિયોપોલિટિકલ ડેવલપમેન્ટ થયા છે તેના કારણે ઘણા દેશોમાં રહેવું, ભણવું અને સ્થાયી થવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. ખાસ કરીને અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને બ્રિટને પોતાના નિયમો કડક કર્યા બાદ ભારતીયો ત્યાં જવામાં ખચકાય છે અને અભ્યાસ પછી પણ નોકરી માટે મુશ્કેલીઓ વધી છે.

ભારતના મધ્યમવર્ગે હવે વિદેશમાં જઈને વિદેશી ડિગ્રી લેવાનું ઓછું કરવાની શરૂઆત કરી ત્યાં જ વિદેશી યુનિવર્સિટીઓએ છેલ્લાં બે-ચાર વર્ષમાં ભારતમાં પ્રવેશ કરવાની શરૂઆત કરી લીધી છે. ખાસ કરીને ભારતના વિસ્તરતા મધ્યમ વર્ગે આંતરરાષ્ટ્રીય શિક્ષણની માંગને વેગ આપ્યો છે, જેને ઉત્તમ જીવનશૈલી અને કારકિર્દીના માર્ગ તરીકે જોવામાં આવે છે. તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો એક અભ્યાસ બહાર આવ્યો હતો જેણે લોકોની વિચારધારા અને વિદેશી ડિગરી પાછળ થતા ખર્ચની તસવીર રજૂ કરી હતી. આરબીઆઈના આ ડેટાના વિશ્લેષણ થકી સામે આવ્યું છે કે, ભારતીય પરિવારો અને વિદ્યાર્થીઓએ ૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય શિક્ષણ પાછળ અંદાજે ૩.૭૧ અબજ ડૉલર્ રખર્ચ્યા



હતા, જે ૨૦૧૮માં થયેલા ૨.૮૩ અબજ ડૉલરના ખર્ચની સરખામણીએ ૩૧ ટકાનો વધારો દર્શાવે છે. જો કે, કડક થતા વીઝા, રોજગાર અને ઈમિગ્રેશન નિયમોની સાથે ભારતીય રૂપિયાના મૂલ્યમાં સતત ઘટાડા એટલે કે, રૂપિયાના અવમૂલ્યનને કારણે વિદેશમાં અભ્યાસના વધતા ખર્ચને લીધે ઘણા ભારતીય વિદ્યાર્થીઓ પરંપરાગત ચાર મુખ્ય દેશો યુ.એસ., યુ.કે., ઓસ્ટ્રેલિયા અને કેનેડા સિવાયના વિકલ્પો પર વિચાર કરવા મજબૂર બન્યા છે. બીજી તરફ આ દેશોમાં ભારતીયોએ જવાનું ઘટાડ્યું હોવાથી ત્યાંની યુનિવર્સિટીઓએ ભારતમાં આવીને કામગીરી શરૂ કરી છે. હવે ભારતીય વિદ્યાર્થીઓ ભારતમાં જ રહીને વિદેશી યુનિવર્સિટીઓમાં શિક્ષણ મેળવી શકે છે. જ્યારે વિદ્યાર્થીઓ માટે વિદેશ જવાના વિકલ્પો મર્યાદિત થઈ રહ્યા છે અને શિક્ષણમાં કરેલા રોકાણનું વળતર મેળવવાની અનિશ્ચિતતા વધી રહી છે, ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓને વૈકલ્પિક રસ્તાઓની જરૂર વધારે ઊભી થઈ છે. જાણકારોના મતે નવી નિયામક ફ્રેમવર્ક હેઠળ ભારતમાં જ વિદેશી યુનિવર્સિટીઓનું આગમન થવા લાગ્યું છે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને અનુસરીને, ઁૈંખ્ સિટી માટે ૈખજીભછ દ્વારા (ઓક્ટોબર ૨૦૨૨) અને ેંય્ભ દ્વારા (નવેમ્બર ૨૦૨૩) નિયમો બહાર પાડવામાં આવ્યા હતા, જે વૈશ્વિક સ્તરે ટોચના ૫૦૦માં રેન્કિંગ સ્થાન ધરાવતી વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં પોતાના કેમ્પસ સ્થાપવાની મંજૂરી આપે છે. આ નિયમો વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ સ્થાપવા, પોતાના અભ્યાસક્રમો ડિઝાઈન કરવા, પોતાની ફી નક્કી કરવા અને પોતાની ડિગ્રી એનાયત કરવાની છૂટ આપે છે. ખાસ વાત એ છે કે, અત્યાર સુધીમાં વિશ્વની ટોચની ૫૦૦ યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવતી ઓછામાં ઓછી ૨૦ યુનિવર્સિટીઓએ ભારતમાં કેમ્પસ સ્થાપવામાં રસ દર્શાવ્યો છે, જેમાંથી ૧૩ યુનિવર્સિટીઓ ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક સત્ર માટે સક્રિયપણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી રહી છે. હાલમાં જ બહાર પડેલો સંશોધન અહેવાલ, 'ધ લેન્ડસ્કેપ ઓફ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી કેમ્પસિસ ઈન ઈન્ડિયા ૨૦૨૬'માં ભારતમાં શરૂ થયેલી ૧૩ વિદેશી યુનિવર્સિટીઓ દ્વારા વર્તમાન શૈક્ષણિક વર્ષ માટે ઓફર કરવામાં આવતા ૯૧ પ્રાગ્રામ્સનું વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે. તેમાં પ્રોગ્રામની ઓફર્સ, એકેડેમિક રેન્કિંગ અને ટ્યુશન ફીનું ઊંડાણપૂર્વક અધ્યયન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ અહેવાલમાં યુનાઈટેડ કિંગડમની સાત યુનિવર્સિટીઓ, જેવી કે, યુનિવર્સિટી ઓફ એબરડીન, બર્કબેક (યુનિવર્સિટી ઓફ લંડન), યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટલ, યુનિવર્સિટી ઓફ લિવરપૂલ, ક્વીન્સ યુનિવર્સિટી બેલફાસ્ટ, યુનિવર્સિટી ઓફ સાઉધમ્પ્ટન અને યુનિવર્સિટી ઓફ યોર્કનો સમાવેશ કરાયો છે. તે ઉપરાંત ઓસ્ટ્રેલિયાની ડીકિન યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ ન્યૂ સાઉથ વેલ્સ, વિક્ટોરિયા યુનિવર્સિટી, ધ યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા અને યુનિવર્સિટી ઓફ વુલોંગોંગ જેવી પાંચ યુનિવર્સિટીઓ અને અમેરિકાની ઈલિનોઈસ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીનો સમાવેશ થાય છે. રેગ્યુલેટરી જાહેરાતોના ટૂંકા સમયગાળામાં ભારતીય ઉચ્ચ શિક્ષણનો હિસ્સો બનવા માટે આંતરરાષ્ટ્રીય કેમ્પસોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે, પરંતુ આ તમામ ૧૩ યુનિવર્સિટીઓની કુલ ૨૦૨૬-૨૭માં ૯૧ પ્રોગ્રામ્સ માટે પ્રવેશ ક્ષમતા ૩૦૦૦ થી પણ ઓછી છે. આ મર્યાદિત ક્ષમતા હોવા છતાં, આ વર્ષે કદાચ અડધી બેઠકો જ ભરાઈ શકશે, કારણ કે તેમાંથી ઘણી યુનિવિર્સિટીઓને પ્રવેશ પ્રક્રિયાના અંતિમ તબક્કામાં મંજૂરી મળી હતી. ખર્ચમાં તફાવતનું બીજું પાસું દરેક યુનિવર્સિટીઓની હોમ કન્ટ્રી મુજબની સરેરાશ ફી છે. ભારતમાં કાર્યરત ૧૪ આંતરરાષ્ટ્રીય કેમ્પસોમાંથી (ઽઉછ ના બે કેમ્પસ છે), સાત કેમ્પસમાં ૫૦ પ્રોગ્રામ્સ સાથે યુકે મોખરે છે, ત્યારબાદ છ કેમ્પસમાં ૩૩ પ્રોગ્રામ્સ સાથે ઓસ્ટ્રેલિયા બીજા ક્રમે છે, અને અમેરિકાની માત્ર એક યુનિવર્સિટી દ્વારા ભારતમા આઠ જેટલા પ્રોગ્રામ્સ ઓફર કરવામાં આવે છે. આ ઉપરાંત અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે, ઓસ્ટ્રેલિયન કેમ્પસનો ખર્ચ યુકેના કેમ્પસ કરતાં લગભગ ૧૬ ટકા વધુ છે ( ૧૪.૨ લાખ રૂપિયાની સામે અંદાજે ૧૨.૨ લાખ). યુકેની અંડરગ્રેજ્યુએટ ફીમાં પણ વધુ તફાવત ( સરેરાશ ૭.૫ લાખથી ૧૫ લાખ રૂપિયા) જોવા મળે છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાની ફીની રેન્જ વધુ મર્યાદિત છે (અંદાજે ૧૧ લાખથી ૧૮ લાખ રૂપિયા). પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે આ સ્થિતિ બદલાય છે જેમાં યુકે થોડું વધુ મોંઘું છે, પરંતુ તફાવત નાનો (૫ ટકા) છે. ઓસ્ટ્રેલિયાની પોસ્ટગ્રેજ્યુએટ ફી તમામ કેમ્પસમાં વધુ સુસંગત છે, જ્યારે યુકેની ફીમાં ખુબ મોટો તફાવત (સરેરાશ ૧૨.૫ લાખથી ૨૩.૧ લાખ રૂપિયા) જોવા મળે છે. હાલમાં ભારતમાં ચાલી રહેલી યુનિવર્સિટીઓની સ્થિતિ એવી છે કે, તેની સુસંગતતા હજી સ્થાપિત થઈ નથી, તે ઉપરાંત તે યુનિવર્સિટી દ્વારા પોતાના હોમ સ્ટેટમાં પ્લેસમેન્ટ આપવામાં આવતા નથી. આ ઉપરાંત આ યુનિવર્સિટીઓની તોતિંગ ફી ખર્ચ્યા બાદ પણ રોજગારી મળવાની કોઈ ખાતરી નથી.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# સંસદમાં અગત્યના બીલો બાબતે હજી પણ અસમંજસ

નવીદિલ્હી : સંસદનું ચોમાસુ સત્ર હવે ત્રણ દિવસમાં પુરુ થઈ રહ્યું છે. જોકે મહિલા અનામત, સિમાંકન અને એફસીઆરએ જેવા અગત્યના બીલો બાબતે હજી પણ અસમંજસની પરિસ્થિતિ છે. એવા સમાચાર છે કે સરકાર આ અગત્યના બીલો બાબતે કોઈ ઉતાવળ કરવા માંગતી નથી. કોંગ્રેસ અને મોટા ભાગના વિરોધ પક્ષોએ સિમાંકન અને એફસીઆર બીલનો વિરોધ કર્યો છે છતાં પણ સરકારે એમનો સંપર્ક કર્યો ત્યારે કેટલાક વિરોધ પક્ષો નરમ પડયા હતા. સરકાર સિમાંકન બીલ અને મહિલા અનામત બીલ પસાર કરવા માટે ડીએમકે અને એનસીપી (શરદ પવાર)નો ટેકો મેળવવા એફસીઆરએ બીલ બાબતે બાંધછોડ કરવા તૈયાર છે. સંસદની બિઝનેસ એડવાઈઝરી કમીટી (બીએસી)ની બેઠકમાં બચેલા બાકીના દિવસોનો એજન્ડા તૈયાર કરવામાં આવશે. આજે નક્કી થયેલા એજન્ડામાં નવા ચાર બીલો રજુ કરવાની વાત કરવામાં આવી હતી, પરંતુ એફસીઆરએ સુધારા બીલનો ઉલ્લેખ નથી.



માયાવતીએ મોહન ભાગવતને ધોયા

એમ લાગે છે કે આજકાલ આરએસએસના વડા મોહન ભાગવતના ગ્રહો વંકાયા છે. જેન ઝી બાબતે કરેલા નિવેદન પછી એમનો દંભ ઉઘાડો પડી ગયો હતો. હવે અનામત સંદર્ભે એમણે કરેલા નિવેદનથી બહુજન સમાજ પાર્ટી (બીએસપી) ના સુપ્રિમો માયાવતી નારાજ થઈ ગયા છે. એમણે સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'દેશના બહુજન સમાજ અને ખાસ કરીને એસસી, એસટી તેમજ ઓબીસી માટે અનામતની અગત્યતા ઘણી છે. આત્મ સન્માનની જિંદગી જીવવા માટે અનામત ચાલુ રહેવી જોઈએ. આ લોકો જાતીને આધારે વર્ષોથી પછાત રહી ગયા છે. ક્રિમિલેયરની વાત કરવી બાબા સાહેબ આંબેડકરના બંધારણની વિરુદ્ધ છે. સ્વેચ્છાએ અનામત છોડી દેવાની વાત અન્યાયી છે. શું આરએસએસને આની ખબર નથી? આરએસએસને મારે કહેવું છે કે તેઓ અનામત બાબતે રાજકારણ કરવાનું છોડી દે.'

સીજેઆઈનો વિરોધ શા માટે થયો

'નેશનલ એકેડમી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ' (એનએએલએસએઆર) હૈદરાબાદનો દિક્ષાંત સમારોહ વિવાદમાં ફસાયો છે. આ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે સીજેઆઈ સૂર્યકાંતને બોલાવવામાં આવ્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીને અપીલ કરી છે કે, આ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે સીજેઆઈને બોલાવવામાં આવે નહીં. આ વિદ્યાર્થીઓ જંતર મંતર ખાતે થયેલા દેખાવ વખતે સીજેઆઈએ કરેલી ટીપ્પણીથી નારાજ છે. પોલીસ અત્યાચાર બાબતે સુપ્રિમ કોર્ટમાં અરજી કરવામા આવી ત્યારે સીજેઆઈએ તરત સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો. યુનિવર્સિટીને અલગ અલગ બેચના વિદ્યાર્થીઓએ પત્ર મોકલ્યો છે. એનએએલએસએઆરના દિક્ષાંત સમારોહમાં સીજેઆઈને બોલાવવાની પરંપરા છે. દિક્ષાંત સમારોહની તારીખ હજી નક્કી થઈ નથી. સીજેઆઈએ પોલીસ અત્યાચારનો વીડિયો જોવાની ના પાડી હતી એનાથી પણ વિદ્યાર્થીઓ નારાજ છે.

પાર્ક પર ગેરકાયદેસર કબજો કરવા બાબતે આઝમ ખાન ફસાયા

પ્રયાગરાજ શહેરના દરિયાબાગ મહોલ્લામાં પાર્કની જમીન અને એની સાથે જોડાયેલી ૨૦ ફૂટ પહોળા રસ્તાનો ગેરકાયદેસર કબજો કરવા માટે ૨૦ વર્ષ પછી હવે તપાસ થશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સૂચના પર ડીએમ મનિષકુમાર વર્માએ એડીએમ સીટી સત્યમકુમાર મિશ્રા, પ્રયાગરાજ વિકાસ પ્રાધીકરણ (પીડીએ)ના સચીવ વિનિતકુમાર સિંહ અને ડીસીપી સીટી મનિષ શાંદીલ્યની આગેવાની હેઠળ એક એસઆઈટીની રચના કરી છે. વર્ષ ૨૦૦૦માં જ્યારે ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીની સરકાર હતી ત્યારે આઝમ ખાન પોતે નગર વિકાસ મંત્રી હતા. તા. ૧૪-૧૫ અને ૧૮મી ઓગસ્ટે જાહેર રજાઓ હતી. એ વખતે માફિયા અતિક અહમદ અને એના માણસોએ પાર્કની જમીન પર કબજો કરી લીધો હતો. સ્થાનિક રહેવાસીઓએ એનો વિરોધ કર્યો હતો, પરંતુ આઝમ ખાનના અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરી નહોતી.

પક્ષમાંથી હાંકી કાઢેલા નેતા કેજરીવાલને યાદ આવ્યા

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલને એકાએક પ્રશાંત ભૂષણની યાદ આવી ગઈ છે. પ્રશાંત ભૂષણ પહેલા આમ આદમી પાર્ટીમાં હતા, પરંતુ ૧૧ વર્ષ પહેલા એમને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. હવે કેજરીવાલે સુપ્રિમ કોર્ટના સિનિયર વકીલ પ્રશાંત ભૂષણના વખાણ કરીને કહ્યું છે કે, એમને ફરીથી ભૂષણ સાથે કામ કરવું છે. એક મુલાકાતમાં એમને પૂછવામાં આવ્યું કે તમારા કયા જૂના સાથી સાથે ફરીથી કામ કરવાનું ગમશે ત્યારે એમણે પ્રેશાંત ભૂષણનું નામ આપ્યું હતું. કેજરીવાલે કહ્યું હતું કે, 'પ્રશાંત ભૂષણ સાથે મારે ૨૦ વર્ષ જૂની દોસ્તી હતી. આજે પણ મને એમના માટે ઘણું માન છે. એ વખતે જે કોઈ પરિસ્થિતિ હશે, પરંતુ તેઓ સારા માણસ છે.' ચાલાક અરવિંદ કેજરીવાલ કોઈ કારણ વગર પ્રશાંત ભૂષણને ફરીથી પક્ષમાં ઈચ્છે નહીં.

'જો મો ખોલીશ તો પપ્પુ યાદવને તકલીફ થશે'

બિહારના પુર્ણીયાથી ચૂંટાયેલા સાંસદ પપ્પુ યાદવની ઈમેજ માથાભારે તરીકેની છે. જોકે હવે જનસુરાજ પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ ઉદય સિંહે પપ્પુ યાદવને એમની જ શૈલીમાં જવાબ આપ્યો છે. એમણે ચેતવણી આપી છે કે પપ્પુ યાદવ હવે જનસુરાજના કોઈપણ કાર્યકરો કે પ્રશાંત કિશોર માટે એક પણ શબ્દ કહ્યો તો એમને તકલીફ થશે. ઉદય સિંહે કહ્યું હતું કે, 'મને કોઈકે જણાવ્યું હતું કે, પપ્પુ યાદવે પ્રશાંત કિશોર માટે ખૂબ જ અપમાનજનક શબ્દનો ઉપયોગ કર્યો હતો. એમણે બીજી વ્યક્તિઓ માટે પણ ઘણુ બધુ કહ્યું હતું. એમણે પ્રશાંતજી માટે જે વાત કરી હતી એ યોગ્ય નથી. પપ્પુ યાદવ કદાચ ભૂલી ગયા છે કે હું જનસુરાજ પાર્ટીનો રાષ્ટ્રીય પ્રમુખ છું. હું અત્યાર સુધી ચૂપ રહ્યો છું. જો હું મારૂ મોઢુ ખોલીશ તો એમને મોટી તકલીફ થશે.'

નસીરૂદ્દીન શાહ પર પિયુષ મિશ્રાની ટીપ્પણીથી વિવાદ : રાંચીમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનની સરખામણી જંતર મંતર ખાતે થયેલા જેન ઝીના આંદોલન સાથે થઈ રહી છે. બંને આંદોલન પેપર લીકની વિરુદ્ધ હોવાનું બધા માને છે. બંને આંદોલનમાં દેશની કેટલીક જાણીતી હસ્તીઓએ ભાગ લીધો હતો. જાણીતા અભિનેતા પિયુષ મિશ્રા વિદ્યાર્થીઓને ટેકો આપવા રાંચી ગયા હતા. પિયુષ મિશ્રાએ 'ગુલાલ', 'ગેંગ્સ ઓફ વાસીપુર' અને 'તમાશા ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. જંતર મંતરના આંદોલન વખતે નસીરૂદ્દીન શાહે કરેલા નિવેદનથી મિશ્રા છંછેડાયા હતા. શાહે કહ્યું હતું કે, 'જેમના મોઢામાં હાડકુ હોય છે તેઓ બોલતા નથી.' હવે પિયુષ મિશ્રાએ નસીરૂદ્દીન શાહને ટોણો મારીને કહ્યું છે કે, 'આ વખતે કોણ કૂતરા છે, જેમના મોઢામાં હાડકું છે?'

# શબ્દોની સરહદ અને લાગણીઓનું અનંત આકાશ



માનવ હૃદય સંવેદનાઓનું એક એવું અગાધ ગગન છે, જ્યાં ભાવનાઓના અસંખ્ય મોજાં સતત ઉછળતા રહે છે. મનુષ્ય પોતાના મનના આ ભાવોને અન્યો સુધી પહોંચાડવા માટે સદીઓથી ભાષા અને શબ્દોનો આશરો લેતો આવ્યો છે. પરંતુ સાહિત્ય અને સંબંધોની ફિલસૂફીમાં એક બહુ મોટો વિરોધાભાસ એ છે કે, જે લાગણીઓ અદ્રશ્ય અને અનંત છે, તેને જ્યારે આપણે માત્ર થોડાક અક્ષરોમાં કે મર્યાદિત ચોકઠામાં પૂરવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યારે તેની પવિત્રતા અને ઊંડાણ ક્યાંક ખોવાઈ જાય છે. આ જ કારણે હૃદયથી સંવેદનશીલ એવા મનુષ્યોથી જીવનમાં એક ભૂલ વારંવાર થઈ જાય છે કે તેઓ પોતાની અનન્ય અને ગહન લાગણીઓને શબ્દો દ્વારા વ્યક્ત કરી બેસે છે.



સાચો પ્રેમ, સાચી કરુણા કે સાચો વિરહ એ ક્યારેય વાચા માગતા નથી. તે તો આંખોના પલકારામાં, મૌનની ભાષામાં અથવા હૃદયના ધબકારામાં આપમેળે વહી જતા હોય છે. જ્યારે આપણે કોઈને કહીએ છીએ કે 'હું તને બહુ પ્રેમ કરું છું' અથવા 'મને બહુ દર્દ થાય છે', ત્યારે એ શબ્દો લાગણીના વિરાટ સ્વરૂપને બહુ નાનું અને મર્યાદિત કરી નાખે છે. મોટો પ્રશ્ન એ છે કે જે ભાવ બ્રહ્માંડ જેવો વિશાળ છે, તેને થોડાક શબ્દોમાં કેવી રીતે સમાવી શકાય? છતાં પણ, સામેની વ્યક્તિ આપણને સમજી શકે તેવા આશયથી હૃદય વ્યાકુળ બનીને અક્ષરોનો સહારો લે છે. આ જ વ્યાકુળતાને કારણે સર્જાતી આ સુંદર પંક્તિઓ હૃદયના આ મનોભાવને આબેહૂબ વાચા આપે છે:

'એક ભૂલ થઈ જાય છે,
વારંવાર...
શબ્દો દ્વારા લાગણી વ્યક્ત થઈ જાય છે!!!'

આજના આધુનિક અને વિજાણુ યુગમાં માણસ લખાણથી તો બહુ નજીક આવી ગયો છે, પણ હૃદયથી ઘણો દૂર થઈ ગયો છે. આપણે આખો દિવસ સંદેશાઓ મોકલીને લાગણીઓનો દેખાડો કરીએ છીએ, પણ એ શબ્દો પાછળ રહેલો સાચો અહેસાસ અને ભીનાશ ગેરહાજર હોય છે. આધુનિક તકનીકીએ આપણને સંવાદ સાધવાના સાધનો આપ્યા છે, પણ સાચું સાન્નિધ્ય અને સમર્પણ તો હૃદયના મૌનમાં જ છુપાયેલું છે. જ્યારે કોઈ આપણું પોતાનું, આપણી મૂંગી વેદનાને કંઈ પણ કહ્યા વગર માત્ર આંખો જોઈને સમજી લે છે, ત્યારે જ શબ્દોની મર્યાદા પૂરી થાય છે અને સાચી માનવતાનો ઉદય થાય છે. નિઃસ્વાર્થ પ્રેમ અને સાચા જોડાણના આ અહેસાસને લોકહૃદય હંમેશાં આ રીતે સ્વીકારે છે:

'વાચા વગર જે ભાવ સમજી લે એ જ સાચું સાન્નિધ્ય છે,
બાકી શબ્દોથી તો માત્ર વાર્તાઓ અને સંવાદો રચાય છે.'

આ વિચાર આપણને જીવન જીવવાનો એક બહુ મોટો સંદેશ આપે છે કે માણસની સાચી કળા અને સંસ્કાર પોતાના ભાવોને પ્રદર્શન કરવાનો નથી, પણ તેને પવિત્ર રાખવાનો છે. ગમે તેટલું સાહિત્યિક જ્ઞાન કે શબ્દભંડોળ હોય, પણ જો હૃદયમાં સામેની વ્યક્તિના દર્દ સાથે તાદાત્મ્ય સાધવાની આત્મિક ભીનાશ ખૂટતી હોય, તો બધું જ વ્યર્થ ભાસે છે. વારંવાર થતી આ ભૂલ એ સાબિત કરે છે કે માણસ આખરે લાગણીઓનું જ સર્જન છે અને તે ગમે તેટલો પ્રયત્ન કરે, તે પોતાના ભાવોને છુપાવી શકતો નથી. આ આંતરિક શૂન્યતા અને સાચા પ્રેમનો સુમેળ આવનારી સદીઓ સુધી માનવજાતને એ જ સમજાવતો રહેશે કે સંબંધોનું સાચું મૂલ્ય બોલાયેલા શબ્દોમાં નહીં, પણ ન કહેવાયેલા મૌનની ઊંડાણમાં છુપાયેલું છે.

**- લેખક: રૂપેશ સોલંકી**

# હવે બજારમાં જોવા મળશે પ્લાસ્ટિકની નવી નોટો

## ₹10 અને ₹20ની 100-100 કરોડ પોલિમર નોટોના ટ્રાયલને કેન્દ્ર સરકારની લીલી ઝંડી, નાણામંત્રી નિર્મલા સીતારમણે આપી માહિતી

ભારતીય કરન્સી સિસ્ટમમાં એક યુગ પરિવર્તનકારી મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. દેશમાં હવે ટૂંક સમયમાં જ કાગળની જગ્યાએ પ્લાસ્ટિક (પોલિમર)ની ચલણી નોટો વ્યાપક પ્રમાણમાં બજારમાં જોવા મળશે. ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા મોકલવામાં આવેલા પ્રસ્તાવને કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે, જેની અધિકૃત માહિતી નાણામંત્રી નિર્મલા સીતારમણે આપી છે.

પાયલોટ પ્રોજેક્ટ હેઠળ 10 અને 20ની નોટોથી શરૂઆત કેન્દ્રીય નાણામંત્રીએ સંસદમાં માહિતી આપતા જણાવ્યું હતું કે RBI એક્ટ, 1934ની કલમ 25 હેઠળ રિઝર્વ બેંકના સેન્ટ્રલ બોર્ડની ભલામણ મુજબ સરકારે આ મહત્વકાંક્ષી પ્રસ્તાવને સ્વીકારી લીધો છે:

100-100 કરોડ નોટોનું ટ્રાયલ: શરૂઆતના તબક્કામાં ફિલ્ડ ટ્રાયલ (Pilot Project) માટે 10 અને 20ના મૂલ્યની 100-100 કરોડ (1-1 અબજ) પોલિમર નોટો ઈસ્યુ કરવામાં આવશે.

હવામાન અને ટકાઉપણાની ચકાસણી: ભારતના વિવિધ વાતાવરણ, હવામાનની પરિસ્થિતિઓ અને




જાહેર વપરાશમાં આ નોટો કેટલી ટકી રહે છે તેનું ગ્રાઉન્ડ લેવલ પર મૂલ્યાંકન કરવામાં આવશે.

નિયમિત ચલણ: જો પાયલોટ પ્રોજેક્ટ અને ફિલ્ડ ટ્રાયલ્સ સફળ રહેશે, તો ત્યારબાદ આ પોલિમર નોટોને કાયમી ધોરણે નિયમિત ચલણમાં લાવવામાં આવશે.

પ્લાસ્ટિક (પોલિમર) નોટોના મુખ્ય ફાયદા

1. લાંબી આયુષ્ય: કાગળની નોટોની સરખામણીએ પોલિમર નોટોનું આયુષ્ય ઘણું વધારે હોય છે.

2. વોટરપ્રૂફ અને મેલી ન થાય: આ નોટો પાણીમાં પલળવાથી ખરાબ થતી નથી, જલ્દી ફાટતી નથી કે મેલી થતી નથી.

3. નકલી નોટો પર લગામ: પોલિમર કરન્સીમાં અત્યાધુનિક સેફ્ટી ફીચર્સ હોવાથી તેની હૂબહૂ નકલ (Duplicate) બનાવવી અશક્ય સમાન છે.

જૂની કાગળની નોટોનું શું થશે?

સરકારે સામાન્ય જનતાની ચિંતા દૂર કરતા સ્પષ્ટતા કરી છે કે આ નિર્ણયથી કાગળની નોટો પર કોઈ અસર નહીં પડે. કાગળની નોટો બંધ કરવામાં આવશે નહીં; નવી પોલિમર નોટો કાગળની નોટોની સાથે જ બજારમાં સમાંતર રીતે ચલણમાં રહેશે.

હાલ ઓસ્ટ્રેલિયા સહિત વિશ્વના 50થી વધુ દેશોમાં પ્લાસ્ટિક કરન્સીનો સફળતાપૂર્વક ઉપયોગ થઈ રહ્યો છે, અને હવે ભારત પણ આ દિશામાં મોટું કદમ ઉઠાવી રહ્યું છે.

# હવે હોર્મુઝમાં કેદ થઈ ગયું છે વૈશ્વિક અર્થતંત્ર

એક પ્રચલિત કહેવત છે : ચોબેજી છબ્બેજી બનવા ગયા હતા, અને દુબેજી બનીને પાછા ફર્યા. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ્ રટ્રમ્પની વર્તમાન ભૂરાજનીતિક દશા બરાબર આવી જ છે. ટ્રમ્પનો મૂળ ઉદ્દેશ્ય ઈરાનને પરમાણુ મહાસત્તા બનતું અટકાવવાનો હતો, પરંતુ તેમની અવિચારી આક્રમકતાનું પરિણામ એ આવ્યું કે ઈરાને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વની હોર્મુઝની સામુદ્રધુની જ બંધ કરી દીધી. પરિણામે, માત્ર અમેરિકા જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વનું અર્થતંત્ર એક અભૂતપૂર્વ સંકટની ખાઈમાં ધકેલાઈ ગયું છે. લગભગ ચાર મહિનાના ભીષણ બોમ્બમારા બાદ, આખરે ઈરાન ૧૭ જૂનના રોજ ૬૦ દિવસના કામચલાઉ યુદ્ધવિરામ સાથે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા સંમત થયું હતું. આ વિરામ સમયગાળા દરમિયાન પરમાણુ નિ:શસ્ત્રીકરણ અને પ્રાદેશિક સશસ્ત્ર જૂથોને અપાતા કથિત સમર્થન પર વાટાઘાટો થવાની અપેક્ષા હતી. પરંતુ, કૂટનીતિમાં વિશ્વાસનો સદંતર અભાવ હોવાને કારણે, હોર્મુઝ પર દેખરેખ અને નિયંત્રણ કોણ રાખશે તે મુદ્દે વાટાઘાટો ભાંગી પડી, અને વીસેક દિવસમાં જ યુદ્ધવિરામનો છેદ ઊડી ગયો. આ વખતે, ટ્રમ્પ પ્રશાસનના તેર દિવસના આક્રમક બોમ્બમારા છતાં, ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાનો ઈનકાર કરી દીધો.



પાક્કો ગુજરાત

બુધવાર | 12 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### ગાંધીનગરમાં યોજાયેલા ભવ્ય સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મેયર સાગરભાઈ મોદીને ચેક અર્પણ કર્યો

# પોરબંદર મહાનગરપાલિકાને વિકાસકામો માટે રાજ્ય સરકારની 55 કરોડ ગ્રાન્ટ


ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના સર્વાંગી શહેરી વિકાસને વેગ આપવા માટે ગાંધીનગર ખાતે રૂ.૩,૮૫૦ કરોડની વિકાસ ગ્રાન્ટના ચેક અર્પણ કરવાનો ગૌરવશાળી સમારોહ યોજાયો હતો. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોરબંદર મહાનગરપાલિકાને વિકાસકામો માટે રૂ.૫૫ કરોડનો ચેક મેયર સાગરભાઈ મોદીને અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં સુદ્રઢ નાણાં વ્યવસ્થાપનના પરિણામે શહેરો અને મહાનગરોમાં જનસુખાકારીના વિકાસકામો માટે હવે નાણાંની તંગી રહી નથી. શહેરોમાં નાગરિક સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવા સાથે કામગીરી સિટીઝન સેન્ટ્રિક, ટ્રાન્સપરન્ટ, એકાઉન્ટેબલ અને ટેકનોલોજી ડ્રિવન બને તે દિશામાં આગળ વધવા તેમણે આહવાન કર્યું હતું.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની ૧૭ મહાનગરપાલિકા ઓને રૂ.૨,૯૯૨ કરોડ અને ૧૫૨ નગરપાલિકા ઓને રૂ.૮૫૮ કરોડ, મળી કુલ રૂ.૩,૮૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જેમાં અમદાવાદ મહાનગર પાલિકાને રૂ.૮૭૦ કરોડ, સુરતને રૂ.૭૭૦ કરોડ, વડોદરાને રૂ.૨૮૫ કરોડ, રાજકોટને રૂ.૨૩૨ કરોડ, ભાવનગર અને જામનગરને રૂ.૧૦૫-૧૦૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ.૬૫-૬૫ કરોડ જ્યારે ગાંધીધામ, નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર, મહેસાણા, વાપી, નડિયાદ, આણંદ અને મોરબી મહાનગર પાલિકાને રૂ.૫૫-૫૫ કરોડની ગ્રાન્ટ આપવામાં આવી છે. મુખ્યમંત્રીએ વિકાસકામોમાં ગુણવત્તા જળવાય તે માટે પદાધિકારીઓ અને અધિકારી ઓને સંયુક્ત રીતે સાઈટ વિઝિટ કરવા તેમજ નવા કામોની સાથે જૂના અને પૂર્ણ થયેલા કામોની સ્થિતિની પણ નિયમિત સમીક્ષા કરવા સૂચના આપી હતી. શહેરોમાં નવા બનતા રસ્તાઓ આર.સી.સી.ના બનાવવા, સ્વચ્છતા અંગે વિશેષ કાળજી રાખવા અને બેદરકારી સામે કડક પગલાં લેવા પણ તેમણે અનુરોધ કર્યો હતો. શહેરોમાં ગ્રીન કવર વધારવા તથા પર્યાવરણને અનુકૂળ વિકાસને પ્રોત્સાહન આપવા મુખ્યમંત્રીએ નવી ટી.પી. સ્કીમમાં વૃક્ષારોપણ માટે જમીન અનામત રાખવાના નિર્ણયનો અસરકારક અમલ કરવા જણાવ્યું હતું. બાગ-બગીચા અને ઓક્સિજન પાર્ક જેવા પ્રકલ્પો દ્વારા શહેરોને વધુ હરિયાળા બનાવવાની પણ તેમણે હિમાયત કરી હતી.

શહેરી વિકાસ અને નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વિકાસકામો માત્ર ઝડપથી નહીં પરંતુ ઉચ્ચ ગુણવત્તા સાથે થાય તે જરૂરી છે. ક્લાઈમેટ ચેન્જને ધ્યાનમાં રાખીને શહેરોના વિકાસનું આયોજન કરવા તેમજ 'એક પેડ મા કે નામ' અને સ્વચ્છતા અભિયાનને વધુ વેગ આપવા તેમણે અપીલ કરી હતી. શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, શહેરી વિકાસ માટે ગ્રાન્ટ ફાળવણીનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરી જનજીવનની સુખાકારીમાં વધારો કરવાનો છે.




### કેન્દ્ર અને ગુજરાત સરકારની સ્વચ્છતા ઝુંબેશના લીરે લીરા

## પ્રાંત અધિકારીના તાબામાં આવેલ કરજણ સેવાસદનમાં શૌચાલય, વોશ બેસિનમાં પારાવાર ગંદકી

સાધલી, હસમુખ પટેલ

કરજણ સેવાસદન માં જનસેવા કેન્દ્ર, સબ રજીસ્ટ્રાર, મામલતદાર, એસ.ડી.એમ સહિત વિવિધ કચેરીઓમાં કરજણ તાલુકાના 99 ગામો ના અરજદારો કામ અર્થે આવતા હોય છે.આ સેવાસદન માં આવતા અરજદારો દુર્ગંધ મારતા અને ગંદકી વાળા શૌચાલય ને લઈને રોગચાળાનો ભોગ બની શકે તેમ છે.

શૌચાલય માં ગંદકીની દુર્ગંધ અને તૂટેલા વોશબેસીન અને તેમાં પાનની પિચકારીઓની ગંદકી કચેરીમાં આવતા અધિકારીઓ તથા સાફ સુફી કરતા કર્મચારીઓને દેખાતી નહીં હોય ??? શૌચાલય માં ગંદકી ના સામ્રાજ્ય ને લઈ મચ્છર ની ઉત્પતિ નું ઉદભવ સ્થાન પ્રાંત અધિકારીના તાબાનું કરજણ સેવાસદન બનેલ છે .હાલમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોએ બીમારીઓ વધારેલ છે. સેવાસદન માં બેસતા મામલતદાર, પ્રાંત (SDM) અધિકારી, અન્ય અધિકારીઓ તેમના તાબાના કર્મચારીઓ આ દુર્ગંધ મારતા અને ગંદકીથી ભરપૂર શૌચાલય થી શું અજાણ હશે ?? આ પાણી વગરના શૌચાલયમાં અધિકારીઓ કે સ્ટાફ



પોતાનું ટિફિન ખાઈને ખાલી પ્લેટો આ શૌચાલયમાં મૂકે છે, જે આ તસવીરમાં દેખાય છે. જેથી સેવા સદનમાં ગંદકી છે ,એ સિદ્ધ થાય છે. ભારત સરકાર તથા ગુજરાત સરકાર સ્વચ્છ ભારત ,સ્વસ્થ ભારત, અને સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ ના નારા સાથે પારાવાર ખર્ચો કરે છે. અને સ્વચ્છતા માટે લાખો રૂપિયાની જાહેરાતોના બોર્ડ મુકામે છે. કરજણ સેવા સદનના પ્રાંત અધિકારી/ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શિવમ બારીયા ની ઓફિસમાં જ જો આવી ગંદકી હોય તો * દિવા તળે અંધારું *એ ઉકતી સેવાસદન માટે સાર્થક થાય છે. આજે તારીખ 11 ઓગસ્ટ સાધલી મુકામે તિરંગા યાત્રાના પ્રસંગે પ્રાંત અધિકારી શિવમ બારીયા તથા શિનોર મામલતદાર એમ.જે.બારીયા ની હાજરીમાં જ ગન પ્રેશરથી પતાકા ,રંગો, તથા ટુક્કલોના કાગળીયા જાહેરમાં ઉડાડી સ્વચ્છતા નો ભંગ કરાયો હતો, છતાં પણ તેઓ બંને મૌન બની રહ્યા હતા. કરજણ સેવાસદન માં આવેલા શૌચાલયની, યુરીનલની તથા વોશબેસીનની સાફસફાઈ કરાય એવી સેવાસદન માં આવતા તમામ અરજદારો ની માંગ છે.

## શિનોર તાલુકાની સહકારી ખેતી બેંકમાં તાલુકાના ત્રણ અને જિલ્લાના એક પ્રતિનિધિ બિનહરીફ ચૂંટાયા

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાની ખેતી બેન્ક ની ચૂંટણીમાં જિલ્લા પ્રતિનિધિની 1બેઠક માટે 3 ફોર્મ ભરાયા હતા અને તાલુકા પ્રતિનિધિ ની 3 બેઠક માટે 7 ફોર્મ ભરાયા હતા. પરંતુ ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ 10 ઓગસ્ટ 2026 ના રોજ જિલ્લા પ્રતિનિધિ માટેના બે ફોર્મ પરત ખેંચાતા એકમાત્ર ફોર્મ ભૂપેન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ (માલસર) બિનહરીફ જાહેર થયા હતા. ભુપેન્દ્ર પટેલ તાજેતરની જિલ્લા પંચાયતની ચૂંટણીમાં શિનોર બેઠક પર કોંગ્રેસમાંથી ચૂંટાઈ આવ્યા હતા.તે જ પ્રમાણે તાલુકા પ્રતિનિધિની ત્રણ બેઠકો માટે ત્રણ સિવાય બાકીના ફોર્મ પરત ખેંચાતા 3 પ્રતિનિધિ 1- મહેન્દ્રભાઈ કેશુરભાઈ પટેલ, 2- જીગરભાઈ રસિકભાઈ પટેલ બંને રહેવાશી પુનિયાદ, અને 3- અલ્પેશભાઈ કનુભાઈ પટેલ (સીમળી) બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા. સરકારી ક્ષેત્રની આ ચૂંટણી બિનહરીફ થતા સમગ્ર તાલુકામાં આણંદની લાગણી આપેલ છે.




### ધારાસભ્ય અને જિલ્લા પંચાયત પ્રમુખ ની હાજરીમાં

## શિનોર તાલુકાનો તિરંગા યાત્રાનો ભવ્ય કાર્યક્રમ સાધલી મુકામે યોજાયો

સાધલી, હસમુખ પટેલ

હર ઘર તિરંગા 2026 અન્વયે શિનોર તાલુકાની તિરંગા યાત્રા ભારત વિદ્યાલય, સાધલી મુકામે થી ડીજેના તાલે નીકળી હતી. ભારત વિદ્યાલય હાઈસ્કૂલ મુકામે મોટા ફોફળીયા ની સી.એ.પટેલ સ્કૂલના બાળકો પોતાના બેન્ડવાજા સાથે આવ્યા હતા, કોલેજના N.S.S.વિભાગ,ભારત વિદ્યાલય, મનન વિદ્યાલય ,પીએમ શ્રી પ્રાથમિક શાળા, શ્રવણ સંસ્કાર શાળા, આંગણવાડી બહેનો, તમામ શાળા કોલેજ નો સંપૂર્ણ સ્ટાફ અને મુખ્ય મહેમાન ધારાસભ્ય અક્ષય પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ જ્યોતનાબેન રબારી, ભાજપ પ્રમુખ સંકેત પટેલ તથા ભાજપ સંગઠનની તમામ મોરચા સહિતની ટીમો, તાલુકા પંચાયત પ્રમુખ હીનાબેન રોહિત,જિલ્લા ભાજપા કોષાધ્યક્ષ સચિન પટેલ, જિલ્લા કિસાન મોરચાના અક્ષય પટેલ, તાલુકા પંચાયતના તમામ સદસ્યો, બજાર સમિતિ ચેરમેન મુકેશ બિરલા સહિત પ્રાંત અધિકારી શિવમ બારીયા, મામલતદાર મુકેશ બારીયા તથા




શિનોર ની તમામ કેડરની પોલીસો, જી.આર.ડી. તિરંગા સાથે યાત્રામાં હાજર રહ્યા હતા. હાથમાં તિરંગા સાથે ડીજેના તાલે ભવ્ય તિરંગા યાત્રાએ સાધલીમાં દેશભક્તિનો અનેરો માહોલ ઉભો કર્યો હતો.

તિરંગા યાત્ર ની ઉજવણી નો મુખ્ય હેતુ રાજ્યના લોકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વની ભાવના જાગે તે આ કાર્યક્રમનો રહ્યો હતો. તિરંગા યાત્રા બસ સ્ટેન્ડ પાસે આવી પહોંચતા ભવ્ય આતશબાજી તથા ગેસ ગન દ્વારા પતાકાનો તથા રંગોની વિવિધ છાંટનો છંટકાવ ધુળેટી ની યાદ અપાવતો હતો. આગેવાનો દ્વારા સાધલીની ત્રણેય રાષ્ટ્રીય પ્રતિમાઓ ને પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી. આ તિરંગા યાત્રાને યશસ્વી તથા દેશપ્રેમની ભક્તિ સાથે વિશિષ્ટ રીતે શણગાર ભાજપ પ્રમુખ સંકેત પટેલ અને તેમની ટીમ દ્વારા સખત મહેનત કરીને ભવ્ય સફળતા તરફ લઈ ગયો હતો. યાત્રા કરીને બસ સ્ટેન્ડે રાષ્ટ્રગીતના ગાન સાથે સંપન્ન કરવામાં આવી હતી.

આ તિરંગા યાત્રામાં ગેસ ગન દ્વારા ઉડાડવામાં આવેલા પતાકા અને વિવિધ ટુક્કલો અને રંગોના કારણે સરકારના સ્વચ્છતા ઝુંબેશનો સદંતર ભંગ થયો હતો.

## દાંતા-હડાદ તાલુકામાં રિયાલિટી ચેકમાં ફરજ પર આંગણવાડી બહેનો સમય ઉપર ગેરહાજર કેમ?

### અંબાજી અને અંબાજી આજુબાજુના વિસ્તારોમાં આંગણવાડી બહેનો હાજર જોવા મળતા લોકોએ કામગીરી બિરદાવી

દાંતા

છેલ્લા કેટલા સમયથી દાંતા અને હડાદ તાલુકામાં આગણવાડી કેન્દ્ર વિવાદમાં આવતા અધિકારીઓ સામે સવાલો ઉઠી રહ્યા છે ત્યારે અમારા રિપોર્ટરે દાંતા હડાદ તાલુકાની રિયાલિટી ચેક કરવામાં આવી હતી ત્યારે દાંતા અને હડાદ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં સમય પર આંગણવાડી કેન્દ્રો પર ખંભાતી તાળા જોતા રિપોર્ટર દ્વારા GPS ના લોકેશન સમય સાથે ફોટા ગ્રાફિક્સ કરવામાં આવી હતી ત્યારે મોટાભાગની બહેનો સમય પર ગેરહાજર જોવા મળી હતી બીજી બાજુ અંબાજી અને અંબાજી આજુબાજુની આંગણવાડીઓ ની રિયાલિટી ચેક




કરતા તમામ આગણવાડી બહેનો હાજર મળતા સ્થાનિકો દ્વારા જણાવ્યું હતું અમારી આગણવાડી બહેનો સમય પર હાજર રહે છે અને બાળકો અને સગર્ભા બહેનોને પણ સમય પર બધુ જ મળી રહે છે તેવું લોકોએ જણાવ્યું હતું સમયની જાણકારી માટે દાંતા CDPO બેનને ફોન દ્વારા પુછતા બેન ને જણાવ્યું કે સમય સવારે 9.30 થી સાંજે 3.30 વાગ્યા સુધી બેનો ને હાજર રહેવાનું હોય છે ત્યારે આ સમય પર મોટાભાગની આંગણવાડીઓમાં ખંભાતી તાળાં જોવા મળ્યા હતા ત્યારે હવે તપાસ દરમિયાન કાર્યવાહી થશે કે પછી ભીનું સંકેલવાનો પ્રયાસો થશે તેવાં સવાલો ઉઠી રહ્યા છે.

### ખેડૂતો અને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો

## સલાદરા નજીક સર્વિસ સ્ટેશનમાં કેમિકલયુક્ત ટેન્કરો ધોવાની પરમિશન છે કે નહીં? ખેડૂતોનો તંત્રને સીધો સવાલ

ભરૂચ, રંગુની જાકીર

વાગરા તાલુકાના સલાદરા ગામ નજીક પેટ્રોલ પંપની બાજુમાં આવેલા સર્વિસ સ્ટેશનમાં કેમિકલયુક્ત સામગ્રી વહન કરતા ટેન્કરો ધોવાતા હોવાના આક્ષેપોથી ખેડૂતો અને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકોનો ગંભીર સવાલ છે કે જો અહીં કેમિકલયુક્ત ટેન્કરોની સફાઈ કરવામાં આવતી હોય, તો તેના માટે GPCB સહિત સંબંધિત વિભાગોની જરૂરી મંજૂરી લેવામાં આવી છે કે નહીં? ટેન્કરો



ધોવાથી નીકળતા કેમિકલયુક્ત ગંદા પાણીના સંગ્રહ, ટ્રીટમેન્ટ અને નિકાલ માટે કાયદેસર વ્યવસ્થા છે કે નહીં, તેની પણ તાત્કાલિક તપાસ જરૂરી બની છે. ખેડૂતોમાં એવી ભીતિ છે કે ટેન્કરોની સફાઈમાંથી નીકળતું કેમિકલયુક્ત પાણી ખુલ્લામાં છોડવામાં આવતું હોય અથવા જમીનમાં ઉતરતું હોય તો આસપાસની ખેતીની જમીન, પાક, ભૂગર્ભજળ અને પર્યાવરણ પર ગંભીર અસર થઈ શકે છે. તંત્ર પાસે સ્થાનિકોની સીધી માંગ : સર્વિસ સ્ટેશનમાં કેમિકલયુક્ત ટેન્કરો ધોવાની કાયદેસર પરવાનગી છે કે નહીં તેની તપાસ કરવામાં આવે.

સર્વિસ સ્ટેશન પાસે GPCB તથા અન્ય સંબંધિત વિભાગોની જરૂરી મંજૂરી અને પર્યાવરણીય સંમતિ છે કે નહીં તે ચકાસવામાં આવે. ટેન્કર ધોવાથી નીકળતા પાણીના સરકારી માન્ય લેબોરેટરીમાં નમૂના પરીક્ષણ કરાવવામાં આવે. કેમિકલયુક્ત ગંદા પાણીનો નિકાલ ક્યાં અને કેવી રીતે કરવામાં આવે છે તેની સ્થળ તપાસ કરવામાં આવે. આસપાસની ખેતીની જમીન અને ભૂગર્ભજળ પર કોઈ અસર થઈ છે કે નહીં તેનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરવામાં આવે.

## શહેરા તાલુકામાં મેઘરાજાની તોફાની રી-એન્ટ્રી, શામળાજી-હાલોલ હાઈવે પાણી-પાણી, ડાંગરના પાકને જીવતદાન

શહેરા

ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહીના પગલે પંચમહાલ જિલ્લામાં મેઘરાજાએ ફરી એકવાર તોફાની બેટિંગ શરૂ કરી છે. શહેરા નગર સહિત સમગ્ર તાલુકામાં સોમવારે વહેલી સવારથી જ ધીમી ધારે અને વરસેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદને કારણે શહેરાના જનજીવન પર વ્યાપક અસર જોવા મળી હતી. શહેરા નગરમાંથી પસાર થતા શામળાજી-હાલોલ સ્ટેટ હાઈવે પર



અણિયાદ ચોકડી અને સરકારી દવાખાના પાસે રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. આ ઉપરાંત તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં પણ ખેતરો પાણીથી છલોછલ ભરાઈ ગયા હતા.લાંબા વિરામ બાદ પડેલા આ વરસાદથી ડાંગરના પાકને મોટો ફાયદો થશે, જેથી ધરતીપુત્રોમાં ખુશીની લહેર જોવા મળી છે. સતત વરસાદના કારણે તાલુકાના નાના-મોટા કોતરો પણ વહેતા થયા હતા, જ્યારે લોકોએ જરૂરી કામ સિવાય ઘરમાં જ રહેવાનું પસંદ કર્યું હતું.

### નિયત ભાવથી વધુ વસૂલાત થાય છે તો જવાબદાર કોણ?

## દેવગઢબારિયામાં યુરિયા માટે ખેડૂતોની લાંબી કતારો, નિયત ભાવ કરતાં વધુ વસૂલાતના આક્ષેપ

દેવગઢબારિયા, જાબીર શુક્લા

દેવગઢબારિયા તાલુકામાં યુરિયા ખાતરની અછત વચ્ચે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. યુરિયા ખાતર મેળવવા માટે ખેડૂતોને વહેલી સવારથી જ ખાતર કેન્દ્રો અને દુકાનો બહાર લાંબી કતારોમાં ઊભા રહેવાની ફરજ પડી રહી છે. કલાકો સુધી રાહ જોયા બાદ પણ ખાતર મળવાની અનિશ્ચિતતા વચ્ચે ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી

ખેડૂતોના જણાવ્યા મુજબ, યુરિયાની એક થેલીનો નિયત ભાવ રૂ. 266 છે. જોકે, કેટલાક સ્થળોએ ખેડૂતો પાસેથી રૂ. 300થી રૂ. 310 સુધીની રકમ વસૂલવામાં આવી રહી હોવાના આક્ષેપો સામે આવ્યા છે. ખાતરની અછત વચ્ચે વધારાની રકમ ચૂકવવી પડતી હોવાના આક્ષેપથી ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો

એક તરફ યુરિયા ખાતર માટે લાંબી કતારો અને બીજી તરફ નિયત ભાવ કરતાં વધુ રકમ



વસૂલાતી હોવાના આક્ષેપોને કારણે ખેડૂતોની હાલાકી વધી છે. ખેડૂતો દ્વારા સમગ્ર મામલે સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ કરવામાં આવે અને નિયત ભાવથી વધુ વસૂલાત થતી હોય તો જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી

સરકાર દ્વારા નક્કી કરાયેલા ભાવ કરતાં વધુ રકમ ખેડૂતો પાસેથી લેવામાં આવે છે કે કેમ, તે અંગે સંબંધિત વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ છે. જો તપાસ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન અથવા ગેરકાયદેસર વધારાની વસૂલાત સાબિત થાય તો જવાબદાર દુકાનદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે હવે જોવાનું રહ્યું.

ખાતરની અછત દૂર કરી પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવા તેમજ ખેડૂતોને નિયત ભાવે યુરિયા ખાતર મળી રહે તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં ભરવાની જરૂરિયાત ઊભી થઈ.

## રાણપુર માર્કેટિંગ યાર્ડ ચૂંટણી પરિણામ જાહેર : ભાજપના 6, કોંગ્રેસના 3 અને 1 અપક્ષ ઉમેદવાર વિજેતા

રાણપુર, વિપુલ લુહાર

બોટાદ જીલ્લાના રાણપુર માર્કેટિંગ યાર્ડના ચૂંટણીના પરિણામ જાહેર થયા છે જેમાં ભાજપના 6 કોંગ્રેસના 3 અપેક્ષ 1 ઉમેદવાર વિજેતા જાહેર,વિજેતા ઉમેદવારોને આગેવાનોએ મોઢું મીઠું કરાવી ફુલહાર પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા.રાણપુર માર્કેટિંગ યાર્ડની ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ખેડૂત વિભાગની કુલ 10 બેઠકો માટે આ ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના 6, કોંગ્રેસના 3 અને 1 અપક્ષ ઉમેદવાર વિજેતા બન્યા છે. ભાજપે 7 ઉમેદવારોમાંથી 6 બેઠકો પર વિજય મેળવ્યો હતો. ભાજપ પક્ષના વિજેતા ઉમેદવારોમાં સોનાણી પરેશભાઈ રામજીભાઈ (137 મત), ધાધલ કિશોરભાઈ જીલુભાઈ




(139 મત), પરમાર પ્રતાપસિંહ કનુભા (123 મત), ધરજીયા અરવિંદભાઈ મથુરભાઈ (128 મત), કાણોતરા સિદ્ધરાજભાઈ જીવાભાઈ (128 મત) અને મેટાળીયા લખમણભાઈ મગનભાઈ (126 મત) નો સમાવેશ થાય છે. કોંગ્રેસ પક્ષના વિજેતા ઉમેદવારોમાં ડોડીયા પ્રતાપસિંહ કાનુભા (142 મત), બારૈયા ભુદરભાઈ બચુભાઈ (133 મત) અને પરમાર ગોસુભા જીવુભાઈ (117 મત) વિજેતા બન્યા છે.



### સારા તેંડુલકરની આ તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે

# સારા તેંડુલકરે બનારસી સાડીમાં મચાવ્યો કહેર, ડાયમંડ નેકલેસે ખેંચ્યું સૌનું ધ્યાન!

મુંબઈ

ભારતના પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરની દીકરી સારા તેંડુલકર અવારનવાર કોઈને કોઈ કારણસર ચર્ચામાં રહે છે. તે હંમેશા લાઈમલાઈટમાં રહે છે. કોઈ ઈવેન્ટ હોય કે ફંક્શન, તે પોતાની સુંદરતાથી સૌનું ધ્યાન ખેંચી લે છે. હવે સારા ફરી એકવાર ચર્ચામાં આવી છે અને આ વખતે કારણ છે તેનો રોયલ અંદાજ. સારા તેંડુલકરનો એલિગન્ટ સાડી લુક સારાએ હાલમાં પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર 2 તસવીરો શેર કરી છે, જેમાં તેનો ખૂબ જ સુંદર અને રોયલ અંદાજ જોવા મળી રહ્યો છે. તસવીરોમાં સારા પેસ્ટલ ગ્રીન બનારસી સાડીમાં જોવા મળી રહી છે. તેનો આ એલિગન્ટ લુક ટ્રેડિશનલ અને મોર્ડન સ્ટાઈલનું પરફેક્ટ કોમ્બિનેશન લાગી રહ્યું છે. સારાના ડાયમંડ નેકલેસે ખેંચ્યું સૌનું ધ્યાન સારાએ ઓફ-વ્હાઈટ પ્યોર સેટિન સિલ્ક અને ઓર્ગેન્ઝા સિલ્કથી તૈયાર કરેલું કોર્સેટ-સ્ટાઈલ બ્લાઉઝ પહેર્યું છે. તેણે આ બ્લાઉઝને પેસ્ટલ ગ્રીન કત્થન સિલ્ક બનારસી હેન્ડલૂમ સાડી સાથે પેર કર્યું છે. સાડી અને બ્લાઉઝ તિલ્ફી દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યા છે. પોતાના લુકને વધુ ખાસ બનાવવા માટે સારાએ ગોલુભાઈ બડાલિયા ડાયમંડ્સનો સ્ટેટમેન્ટ ડાયમંડ નેકલેસ અને મેચિંગ કફ બ્રેસલેટ પહેર્યું છે. સારાએ મિનિમલ મેકઅપ સાથે પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે. તેણે વાળને લો બનમાં બાંધીને આગળ કેટલીક લટો ખુલ્લી રાખી છે, જે તેના લુકને સોફ્ટ અને ગ્લેમરસ ટચ આપી રહી છે. હાથમાં ફૂલોનો ગુલદસ્તો તેના સુંદર લુકને વધુ આકર્ષક બનાવી રહ્યો છે. સચિન તેંડુલકરની દીકરી કેમેરા સામે એકથી વધુ સ્ટાઈલિશ પોઝ આપતી જોવા મળી રહી છે.

સારા તેંડુલકરની આ તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. તેના સુંદર સ્માઈલે ફેન્સનું દિલ જીતી લીધું છે. ફેન્સ સારાના રોયલ સાડી લુકની જોરદાર પ્રશંસા કરી રહ્યા છે અને તસવીરો પર ખૂબ લાઈક્સ અને કમેન્ટ્સ કરી રહ્યા છે. તેનો એલિગન્ટ અંદાજ જોઈને ફેન્સ તેની સુંદરતાના વખાણ કરતા થાકતા નથી. ભારતના પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરની દીકરી સારા તેંડુલકર અવારનવાર કોઈને કોઈ કારણસર ચર્ચામાં રહે છે. તે હંમેશા લાઈમલાઈટમાં રહે છે. કોઈ ઈવેન્ટ હોય કે ફંક્શન, તે પોતાની સુંદરતાથી સૌનું ધ્યાન ખેંચી લે છે.

**પેસ્ટલ ગ્રીન બનારસી સાડી અને કોર્સેટ બ્લાઉઝમાં તેનો રોયલ અંદાજ જોવાલાયક લાગી રહ્યો છે**

# 'મિર્ઝાપુર ધ મૂવી'નું ટ્રેલર રિલીઝ

## આ ફિલ્મ 4 સપ્ટેમ્બર 2026ના રોજ હિન્દી અને તેલુગુમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે

મુંબઈ

'મિર્ઝાપુર ધ મૂવી'નું ઓફિશિયલ ટ્રેલર મંગળવારે (11 ઓગસ્ટ)ના રોજ રિલીઝ કરવામાં આવ્યું છે. ટ્રેલરમાં મુન્ના ભૈયા એટલે કે દિવ્યેન્દુ શર્માની દમદાર વાપસી બતાવવામાં આવી છે. ટ્રેલરમાં મિર્ઝાપુરની સત્તા, બદલો અને લોહીયાળ સંઘર્ષનો નવો અધ્યાય બતાવવામાં આવ્યો છે. 3 મિનિટ લાંબા આ ટ્રેલરમાં કાલીન ભૈયા, મુન્ના ભૈયા, ગુડ્ડુ પંડિત અને બબલુ પંડિત વચ્ચે મિર્ઝાપુરની ગાદીને લઈને લોહીયાળ જંગ અને વર્ચસ્વની વાર્તા બતાવવામાં આવી છે. 'ભૌકાલ લાઈક નેવર બિફોર'ના વાયદા સાથે આવી રહેલી આ ફિલ્મ 4 સપ્ટેમ્બર 2026ના રોજ હિન્દી અને તેલુગુમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મનું ડિરેક્શન ગુરમીત સિંહે કર્યું છે. ટ્રેલરની શરૂઆત એક ખાલી ગાદી અને દમદાર વૉઈસઓવરથી થાય છે- 'ગાદી ન તો વારસાથી મળે છે, ન રાજકારણથી... મળે છે તો ફક્ત અને ફક્ત બાહુબળથી.' ટ્રેલરમાં કાલીન ભૈયા (પંકજ ત્રિપાઠી)નો એ જ જૂનો રોફ જોવા મળી રહ્યો છે. ટ્રેલરમાં પાત્રોને ખાસ ટાઈટલ સાથે રજૂ કરવામાં આવ્યા છે- કાલીન ભૈયાને 'ધ કિંગ', મુન્ના ભૈયા (દિવ્યેન્દુ)ને 'ધ પ્રિન્સ' અને ગુડ્ડુ-બબલુ (અલી ફઝલ અને જિતેન્દ્ર કુમાર)ને 'ધ લાયન્સ' તરીકે દર્શાવવામાં આવ્યા છે. ટ્રેલરમાં એક્ટર રવિ કિશનનું પાત્ર ખૂબ જ આક્રમક અને મનોરંજક લાગી રહ્યું છે, જે ગાડીઓની ફાયરિંગ વચ્ચે કટાક્ષ કરતા જોવા મળે છે. આ ઉપરાંત બીના ભાભી (રસિકા દુગલ) પણ આ પાવર ગેમમાં પોતાની રાજકીય ચાલ ચાલતી જોવા મળી રહી છે. બબલુ પંડિતના રોલમાં જિતેન્દ્ર કુમાર વેબ સિરીઝમાં બબલુ પંડિતનું પાત્ર ભજવનાર વિક્રાંત મેસીની જગ્યાએ ફિલ્મમાં એક્ટર જીતેન્દ્ર કુમાર આ રોલ ભજવી રહ્યો છે.




# સલમાન ખાન અને સંજય દત્તની જોડીનું કમબેક

## ડ્રગ સિન્ડિકેટ પર આધારિત '7 ડોગ્સ' ફિલ્મની રિલીઝ ડેટ જાહેર, રિયાદમાં કર્યું હતું શૂટિંગ

મુંબઈ

બોલિવૂડ સ્ટાર સલમાન ખાન અને સંજય દત્તની ઈન્ટરનેશનલ એક્શન થ્રિલર ફિલ્મ '7 ડોગ્સ' ભારતના સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે. સલમાન ખાને સોશિયલ મીડિયા પર જાણકારી આપી છે કે, આ ફિલ્મ 21 ઓગસ્ટે ભારતીય થિયેટરોમાં લાગશે. ફિલ્મનું ડિરેક્શન બિલાલ ફલ્લાહ અને આદિલ અલ અરબીએ કર્યું છે. આ ફિલ્મમાં ઈજિપ્તના સ્ટાર્સ કરીમ અબ્દુલ-અઝીઝ અને અહેમદ એઝ મુખ્ય ભૂમિકાઓમાં છે, જ્યારે સલમાન ખાન અને સંજય દત્ત કેમિયો રોલમાં જોવા મળશે. આ ફિલ્મ આ વર્ષની શરૂઆતમાં મિડલ ઈસ્ટના દેશોમાં રિલીઝ થઈ ચૂકી છે. ટીઝરમાં બંને કલાકારોનો અંદાજ જોવા મળ્યો હતો ફિલ્મ '7 ડોગ્સ'નું ટીઝર ગયા વર્ષે રિલીઝ કરવામાં આવ્યું હતું. ટીઝરની શરૂઆતમાં સંજય દત્ત હાથમાં બંદૂક સાથે જોવા મળ્યો હતો, જ્યારે ટીઝરના છેલ્લા ભાગમાં સલમાન ખાન સૂટ-બૂટમાં જોવા મળ્યો હતો. બંને કલાકારોના ટીઝરમાં આવ્યા બાદથી જ ભારતીય દર્શકોમાં આ ફિલ્મને લઈને ચર્ચા હતી. રિયાદમાં ત્રણ દિવસનું શૂટિંગ થયું હતું આ ફિલ્મનું નિર્માણ સાઉદી અરેબિયાની જનરલ એન્ટરટેઈનમેન્ટ ઓથોરિટીના ચેરમેન તુર્કી અલ-શેખે કર્યું છે. રિપોર્ટ્સ અનુસાર, સલમાન ખાન અને સંજય દત્તના તુર્કી અલ-શેખ સાથે સારા સંબંધો છે. આ જ કારણથી બંને આ ફિલ્મમાં કેમિયો કરવા તૈયાર થયા હતા. આ રોલના શૂટિંગ માટે સલમાન અને સંજય ગયા વર્ષે ફેબ્રુઆરીમાં સાઉદી અરેબિયાની રાજધાની રિયાદ ગયો હતો. ત્યાં બંનેએ ત્રણ દિવસના શેડ્યૂલમાં પોતાના સીન શૂટ કર્યા હતા. ડ્રગ સિન્ડિકેટ અને ઈન્ટરપોલ ઓફિસરની વાર્તા વેરાયટીના રિપોર્ટ અનુસાર, ફિલ્મની વાર્તા '7 ડોગ્સ' નામના એક ગ્લોબલ ક્રાઈમ સિન્ડિકેટની આસપાસ ફરે છે. આમાં ઈન્ટરપોલ ઓફિસર ખાલિદ અલ-અઝ્ઝાઝી આ સિન્ડિકેટના મોટા લીડર ઘાલી અબુ દાઉદને પકડી પાડે છે. સલમાન ખાન અને સંજય દત્તની ઓનસ્ક્રીન જોડીને દર્શકો લાંબા સમયથી પસંદ કરતા રહ્યા છે. બંનેએ 1991માં આવેલી ફિલ્મ 'સાજન'માં પહેલીવાર સાથે કામ કર્યું હતું. આ પછી 2000માં આવેલી ફિલ્મ 'ચલ મેરે ભાઈ' અને 2002ની ફિલ્મ 'યે હૈ જલવા'માં પણ બંને સાથે જોવા મળ્યા. ગયા વર્ષે બંને ઈન્ડો-કેનેડિયન રેપર એપી ઢિલ્લોનના મ્યુઝિક વીડિયો 'ઓલ્ડ મની'માં પણ એકસાથે જોવા મળ્યા હતા.







# ઓસ્કર 2027 માટે ફિલ્મો મોકલવાની પ્રક્રિયા શરૂ

## ભારતની ઓફિશિયલ એન્ટ્રીની જાહેરાત 9 સપ્ટેમ્બરે થશે, ગયા વર્ષે 'હોમબાઉન્ડ' સિલેક્ટ થઈ હતી

મુંબઈ

ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા (FFI) એ 99મા એકેડેમી એવોર્ડ્સ (ઓસ્કર 2027) માટે ભારતની ઓફિશિયલ એન્ટ્રી પસંદ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. FFI એ 4 ઓગસ્ટ, 2026ના રોજ ફિલ્મ એપ્લિકેશન લેવાનું શરૂ કર્યું હતું. પ્રોડ્યુસર્સ 7 સપ્ટેમ્બર, 2026ના રોજ સાંજે 6 વાગ્યા સુધી પોતાની એન્ટ્રી જમા કરાવી શકશે. નોંધનીય છે કે, ઓસ્કરનું 99મું એડિશન 14 માર્ચ, 2027ના રોજ અમેરિકાના લોસ એન્જલસ શહેરના હોલીવુડ વિસ્તારના ડોલ્બી થિયેટરમાં યોજાશે. FFI એક જ્યુરી બનાવશે, જેમાં એક ચેરમેન અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ક્રિએટિવ ફિલ્ડના સીનિયર સભ્યો હશે. તમામ ફિલ્મોની સ્ક્રીનિંગ પછી, વોટિંગ દ્વારા ભારતની ઓફિશિયલ એન્ટ્રી પસંદ કરવામાં આવશે. પસંદ કરાયેલી ફિલ્મની જાહેરાત 19 સપ્ટેમ્બર, 2026ના રોજ કરવામાં આવશે. નિયમો અનુસાર, ફક્ત તે જ ફિલ્મો ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરી માટે પાત્ર હશે, જે ભારતમાં 1 ઓક્ટોબર, 2025 અને 30 સપ્ટેમ્બર, 2026ની વચ્ચે કોમર્શિયલ થિયેટરમાં રિલીઝ થઈ છે. ફિલ્મને ઓછામાં ઓછા સતત સાત દિવસ સુધી થિયેટરમાં ટિકિટ સાથે રિલીઝ થવી જરૂરી છે. ગયા વર્ષે ફિલ્મ હોમબાઉન્ડને ભારત તરફથી ઓસ્કર માટે મોકલવામાં આવી હતી. ફિલ્મમાં ઈશાન ખટ્ટર અને વિશાલ જેઠવા મુખ્ય ભૂમિકાઓમાં હતા. 2025માં અલગ-અલગ ભાષાઓની કુલ 24 ફિલ્મો પર ભારતની ઓસ્કર એન્ટ્રી માટે વિચારણા કરવામાં આવી હતી. તેમાંથી હોમબાઉન્ડની પસંદગી થઈ હતી. તે સમયે પસંદગી સમિતિના ચેરપર્સન એન ચંદ્રાએ કહ્યું હતું કે, આ નિર્ણય ઘણો મુશ્કેલ હતો. એન ચંદ્રાએ કહ્યું હતું, 'આ એવી ફિલ્મો હતી, જેમણે લોકોના જીવનને સ્પર્શ કર્યો હતો.' તેમણે પસંદગી સમિતિની સરખામણી કોચ સાથે કરતા કહ્યું હતું કે, 'તેઓ જજ નહીં, પરંતુ એવા ખેલાડીઓની શોધ કરી રહ્યા હતા, જેમણે પોતાની ઓળખ બનાવી હોય.'

# પ્રિયંકા ચોપરા અચાનક પહોંચી સિદ્ધિ વિનાયક મંદિરે, સિમ્પલ લૂકે ચાહકોમાં જગાવી ચર્ચા

મુંબઈ

બોલિવૂડની 'દેશી ગર્લ' પ્રિયંકા ચોપડા સોમવારે, 10 ઓગસ્ટે મુંબઈના પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરે પહોંચી હતી. પોતાની આગામી ફિલ્મ 'વારાણસી' ને લઈને ચર્ચામાં રહેલી પ્રિયંકાએ બાપ્પાના દર્શન કરી આશીર્વાદ લીધા હતા. મંદિરની મુલાકાત દરમિયાન અભિનેત્રીનો સાદગીભર્યો અંદાજે ચાહકોનું ધ્યાન ખેચ્યુ હતું. પ્રિયંકાએ દર્શન માટે સુંદર ગુલાબી રંગનો પરંપરાગત સલવાર સૂટ પહેર્યો હતો અને વાળ ખુલ્લા રાખ્યા હતા. સાદગીભર્યા લુકમાં પણ અભિનેત્રી ખૂબ જ સુંદર લાગી રહી હતી. મંદિરની બહાર નીકળતી વખતે પ્રિયંકા ખુશમિજાજ જોવા મળી હતી અને ત્યાં હાજર ચાહકો તરફ સ્મિત સાથે હાથ હલાવીને તેમનું અભિવાદન પણ ઝીલ્યું હતું. પ્રિયંકાની મંદિર મુલાકાતનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. અભિનેત્રીને એક ઝલક જોવા માટે મોટી સંખ્યામાં ચાહકો એકત્ર થયા હતા. પ્રિયંકાએ પણ ચાહકોને નિરાશ કર્યા વિના સ્મિત સાથે 'હેલો' કહીને તેમનું અભિવાદન ઝીલ્યું હતું. તેમના આ સરળ અને હળવા અંદાજની સોશિયલ મીડિયા પર પ્રશંસા થઈ રહી છે. તાજેતરમાં પ્રિયંકાએ પોતાની પુત્રી માલતી મેરી ચોપડા જોનસ સાથેની પ્રથમ મુલાકાતનો ભાવુક અનુભવ પણ શેર કર્યો હતો. એક પોડકાસ્ટ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે માલતી જ્યારે પહેલીવાર તેમના છાતી પર આવી ત્યારે તે માત્ર લગભગ સાડા 27 અઠવાડિયાની હતી અને તેનું વજન માત્ર 1 પાઉન્ડ 11 ઔંસ હતું. તે ક્ષણને પ્રિયંકાએ પોતાના જીવનની સૌથી ખાસ ક્ષણોમાંની એક ગણાવી હતી. વર્કફ્રન્ટની વાત કરીએ તો પ્રિયંકા ચોપડા ટૂંક સમયમાં એસ.એસ. રાજામૌલીની બહુચર્ચિત ફિલ્મ 'વારાણસી'માં મહેશ બાબુ સાથે જોવા મળશે. ફિલ્મ 7 એપ્રિલ, 2027ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.



## ICC પર ભડક્યા સ્કોટલેન્ડ અને નેધરલેન્ડ, લગાવ્યા ગંભીર આરોપ

# 2027 વનડે વર્લ્ડ કપના નવા ફોર્મેટ પર વિવાદ

મુંબઈ

ICC એ 2027 વર્લ્ડ કપ માટે ક્વોલિફિકેશન નિયમોમાં અચાનક ફેરફાર કરતાં સ્કોટલેન્ડ અને નેધરલેન્ડ્સે આકરો વિરોધ કર્યો છે. 14 ટીમોના આ ફોર્મેટમાં હવે સૌથી ઓછી રેન્કિંગવાળી 3 ટીમોમાંથી માત્ર 1 જ આગળ વધશે. આ નિર્ણયને નાના દેશોના ક્રિકેટને પાછળ ધકેલવા સમાન ગણાવી, બંને દેશોએ ICC પર ચર્ચા વગર નિર્ણય લેવાનો આરોપ મૂક્યો છે. વર્ષ 2027માં યોજાનારા ICC વનડે વર્લ્ડ કપ પહેલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) એ એક હેરાન કરનારો નિર્ણય લીધો છે. ટૂર્નામેન્ટ શરૂ થવાના માત્ર 18 મહિના પહેલા ICC દ્વારા ક્વોલિફિકેશનના રસ્તા અને ટૂર્નામેન્ટના ફોર્મેટમાં અચાનક




મોટો ફેરફાર કરી દેવાતા ક્રિકેટ ફેન્સથી લઈને એસોસિએટ દેશો સુધી ભારે નારાજગી જોવા મળી રહી છે. સ્કોટલેન્ડ અને નેધરલેન્ડ્સનો તીખો વિરોધ. ICCના આ નિર્ણયથી નારાજ સ્કોટલેન્ડ અને નેધરલેન્ડ્સના ક્રિકેટ બોર્ડે સંયુક્ત નિવેદન જારી કરીને ICC પર આકરા પ્રહારો કર્યા છે. બંને દેશોનું કહેવું છે કે, કોઈ પણ સલાહ કે ચર્ચા વગર લેવાયેલો આ નિર્ણય એસોસિએટ એટલે કે, નાના દેશોના ક્રિકેટને પાછળ ધકેલવા સમાન છે. ટીમોની સંખ્યા: કુલ ટીમોની સંખ્યા 14 જ રાખવામાં આવી છે, પરંતુ મુખ્ય તબક્કા પહેલા એક નવો 'સુપર સિરીઝ' તબક્કો ઉમેરાયો છે. નવી પ્રોસેસ: સૌથી ઓછું રેન્કિંગ ધરાવતી 3 ટીમો પહેલા રમશે અને તેમાંથી માત્ર 1 જ ટીમ આગળના રાઉન્ડમાં જશે. ત્યારબાદ બાકી રહેલી 12 ટીમોને 6-6 ના બે ગ્રુપમાં વહેંચવામાં આવશે. સુપર 7 અને ફાઈનલ: અહીંથી 7 ટીમો સુપર 7 રાઉન્ડમાં પહોંચશે અને બાદમાં ટોપ-4 વચ્ચે સેમિફાઈનલ અને ફાઈનલ રમાશે. વર્ષ 2023 વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરનાર નેધરલેન્ડ્સ અને યુરોપની મજબૂત ટીમ સ્કોટલેન્ડનું માનવું છે કે, આ નિયમ નાના દેશો માટે રસ્તા બંધ કરવા સમાન છે.

## 2027 ODI વર્લ્ડ કપ માટે 10 ટીમો નક્કી, અફઘાનિસ્તાનની ધમાકેદાર એન્ટ્રી

નવી દિલ્હી

દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબિયાની યજમાનીમાં યોજાનારા 2027 ODI વર્લ્ડ કપ માટે 10 ટીમોએ ક્વોલિફાય કરી લીધું છે. ત્રીજી વન-ડેમાં આયર્લેન્ડને 3 વિકેટે હરાવવાની સાથે જ અફઘાનિસ્તાને પણ વર્લ્ડ કપમાં ધમાકેદાર એન્ટ્રી કરી લીધી છે. આ ક્વોલિફિકેશન રેન્કિંગના આધારે થતાં 2 વખતની વર્લ્ડ ચેમ્પિયન ટીમ વર્લ્ડ કપમાંથી બહાર થઈ જવાની અણી પર છે. યજમાન દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને છોડીને ICCની વન-ડે રેન્કિંગમાં ટોપ-8માં રહેનારી ટીમોને વર્લ્ડ કપ માટે ડાયરેક્ટ ક્વોલિફિકેશન મળ્યું છે. અફઘાનિસ્તાન માટે આયર્લેન્ડ સામેની સિરીઝ જીતવી ખૂબ જ જરૂરી હતી અને એ કરીને તેણે વર્લ્ડ કપમાં સ્થાન પાક્કું કરી લીધું છે. અત્યાર સુધીમાં 10 ટીમોએ ક્વોલિફાય કર્યું રેન્કિંગના આધારે ભારત, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા ક્વોલિફાય કરી ચૂક્યા છે. બીજી તરફ દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને ટૂર્નામેન્ટના હોસ્ટ હોવાના નાતે વર્લ્ડ કપમાં ડાયરેક્ટ એન્ટ્રી મળી છે. આ રીતે આ 10 ટીમોએ અત્યાર સુધી ક્વોલિફાય કર્યું છે. વાસ્તવમાં ICCએ 30 સપ્ટેમ્બર 2026ની ડેડલાઈન રાખી હતી.

### 2 એપ્રિલના રોજ દિલ્હીમાં આ ઘટના બની હોવાનું ફરિયાદમાં જણાવાયું

## અભિષેકની ધરપકડ: લગ્નની લાલચ આપી શારીરિક શોષણ અને અંગત પળો રૅકોર્ડ કરવાનો આક્ષેપ

મુંબઈ

દિલ્હી કેપિટલ્સ ક્રિકેટ ટીમના વિકેટકીપર-બેટર અભિષેક પોરેલની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. યુવતીને લગ્નની લાલચ આપી શારીરિક શોષણ કરવા તથા અંગત પળોનું રૅકોર્ડિંગ કરવાના ગંભીર આરોપો હેઠળ પશ્ચિમ બંગાળ પોલીસે મંગળવારે(11મી ઑગસ્ટ) સવારે હુગલીમાંથી તેની અટકાયત કરી હતી. ત્યારબાદ કલાકો સુધી ચાલેલી સઘન પૂછપરછ બાદ બપોરે તેની ધરપકડ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ધરપકડ કર્યા બાદ પોલીસ દ્વારા અભિષેક પોરેલનું મેડિકલ પરીક્ષણ કરાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને ચિનસુરાહ કોર્ટમાં



રજૂ કરવામાં આવ્યો હતો. આ કેસમાં તેની આગોતરા જામીનની અરજી પર સુનાવણી થવાની હતી. અગાઉ કોલકાતા હાઈકોર્ટે પીડિતાની અરજી બાદ પોલીસને પોરેલની ધરપકડ કરવાનો આદેશ આપ્યો હતો. આ સમગ્ર મામલો પશ્ચિમ બંગાળમાં હુગલીના મોગરા પોલીસ સ્ટેશનમાં એક મેડિકલ વિદ્યાર્થિની દ્વારા નોંધાવાયેલી ફરિયાદ બાદ સામે આવ્યો હતો. યુવતીએ આરોપ લગાવ્યો હતો કે અભિષેક પોરેલે તેની સાથે લગ્નની લાલચ આપીને શારીરિક સંબંધો બાંધ્યા હતા અને અંગત પળોનું રૅકોર્ડિંગ પણ કર્યું હતું. બંને પરિવાર વચ્ચે લગ્નની વાતો ચાલી રહી હતી, પરંતુ પાછળથી યુવતીને અભિષેક પોરેલના અન્ય મહિલાઓ સાથેના કથિત સંબંધો વિશે જાણ થતાં યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## હોકી વર્લ્ડકપમાં 19 ઑગસ્ટે ભારત vs પાકિસ્તાન

### મહિલા ટીમનો પ્રથમ મુકાબલો ચીન સામે; 15 ઑગસ્ટથી ટુર્નામેન્ટની શરૂઆત

મુંબઈ

મેન્સ અને વુમન્સ હોકી વર્લ્ડ કપ 15 ઑગસ્ટથી નેધરલેન્ડ્સ અને બેલ્જિયમમાં રમાશે. 30 ઑગસ્ટ સુધી ચાલનારી 16 ટીમની ટુર્નામેન્ટનું ફોર્મેટ બદલવામાં આવ્યું છે. હવે ક્વાર્ટર ફાઈનલ નહીં હોય. ટીમ ઈન્ડિયાને પૂલ-Dમાં ઈંગ્લેન્ડ, પાકિસ્તાન અને વેલ્સ સાથે રાખ્યું છે. હરમનપ્રીત સિંહની કેપ્ટનશીપમાં ભારતીય ટીમ 15 ઑગસ્ટે વેલ્સ સામે અભિયાન શરૂ કરશે. ત્યારબાદ 17 ઑગસ્ટે ઈંગ્લેન્ડ અને 19 ઑગસ્ટે પાકિસ્તાન સામે મુકાબલો થશે. વર્લ્ડ કપમાં કુલ 16 ટીમ ભાગ લઈ રહી છે. તેમને ચાર પૂલમાં વહેંચવામાં આવી છે અને દરેક પૂલમાં ચાર-ચાર ટીમ




છે. ટુર્નામેન્ટના ફોર્મેટમાં સૌથી મોટો બદલાવ ક્વાર્ટર ફાઈનલને હટાવવાનો છે. શરૂઆતના ચારેય પૂલમાંથી ટૉપ-2 ટીમ આગલા ગ્રુપ સ્ટેજમાં જશે. એટલે કે કુલ 8 ટીમ બીજા ચરણમાં પહોંચશે. બીજા ચરણમાં આ ટીમને બે ગ્રુપમાં વહેંચવામાં આવશે. ત્યારબાદ બંને ગ્રુપની ટૉપ-2 ટીમ સેમિફાઈનલમાં પહોંચશે. આ રીતે સીધા બીજા ગ્રુપ સ્ટેજમાંથી સેમિફાઈનલનો રસ્તો ખુલશે. ભારત માટે શરૂઆતની મેચ ખૂબ જ મહત્વપૂર્ણ નવા ફોર્મેટમાં ગ્રુપ સ્ટેજનું મહત્વ વધી ગયું છે. ભારતને પોતાના પૂલમાં ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન જેવી મજબૂત ટીમનો સામનો કરવો પડશે. બીજા તબક્કામાં પહોંચ્યા પછી શરૂઆતી ગ્રુપની પરસ્પર મેચની અસર પણ આગળ પડશે. ભારતીય ટીમના કોચ ક્રેગ ફુલ્ટને પણ શરૂઆતી પૂલ મેચને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવી છે. તેમના મતે, ટૉપ-2માં પહોંચવું જરૂરી છે અને આગળ વધનારી ટીમ વચ્ચે રમાયેલી મેચનું પરિણામ આગામી તબક્કામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે. 15 ઑગસ્ટથી શરૂ, 30મીએ ફાઈનલ વર્લ્ડ કપ 15 ઑગસ્ટથી શરૂ થશે અને ફાઈનલ 30 ઑગસ્ટના રોજ રમાશે. સેમિફાઈનલ 28 અને 29 ઑગસ્ટના રોજ થશે.



### 2026માં સતત ત્રીજા વર્ષે પ્રોત્સાહક વલણ

## DIIનું ઈક્વિટી રોકાણ રૂ. પાંચ લાખ કરોડને પાર

મુંબઈ

૨૦૨૬માં સતત ત્રીજા કેલેન્ડર વર્ષમાં ઘરેલું સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)નું ભારતીય ઈક્વિટીસ કેશમાં ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા પાંચ ટ્રિલિયન (લાખ કરોડ)ને પાર કરી ગયું છે. બીજી બાજુ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂપિયા ૩.૪૮ટ્રિલિયનની નેટ વેચવાલી રહી છે. ગયા સપ્તાહના અંત સુધીમાં ડીઆઈઆઈનું વર્તમાન વર્ષનું નેટ ઈક્વિટી રોકાણ રૂપિયા ૫.૧૩ ટ્રિલિયન પહોંચી ગયું છે. ગયા વર્ષના આ સમયગાળા સુધીમાં આ આંક રૂપિયા ૪.૪૮ ટ્રિલિયન રહ્યો હતો. બેન્કો, ઘરેલું નાણાં સંસ્થાઓ, વીમા કંપનીઓ, મ્યુચ્યુઅલ ફન્ડસ વગેરેનો ડીઆઈઆઈમાં સમાવેશ થાય છે.



૨૦૨૫ના કેલેન્ડર વર્ષમાં ઈક્વિટીસમાં એકંદર નેટ ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા ૭.૮૮ ટ્રિલિયન રહ્યું હતું. જ્યારે ૨૦૨૪માં ડીઆઈઆઈએ ઈક્વિટીસમાં રૂપિયા ૫.૨૭ ટ્રિલિયન ઠાલવ્યા હતા.

૨૦૨૫ના કેલેન્ડર વર્ષમાં વિદેશી રોકાણકારોનો રૂપિયા ૧.૬૬ ટ્રિલિયનનો નેટ આઉટફ્લો રહ્યો હતો. ઓગસ્ટ ૨૦૨૩થી ત્રણ વર્ષની અંદર ડીઆઈઆઈએ ભારતીય ઈક્વિટીસમાં રૂપિયા ૧૯.૨૦ ટ્રિલિયનનું નેટ ઈન્વેસ્ટમેન્ટ કર્યુ હોવાનું શેરબજારના ડેટા જણાવે છે. આજ સમયગાળામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂપિયા ૧૦ ટ્રિલિયન ઘરભેગા કરી લીધા છે.

ભારતીય અર્થતંત્રમાં મજબૂતાઈને કારણે રોકાણકારો ખાસ કરીને રિટેલ રોકાણકારોના ઈક્વિટી બજારમાં વધેલા વિશ્વાસ ડીઆઈઆઈના ઈન્વેસ્ટમેન્ટસમાં વધારો થવાનું એક કારણ રહેલું છે, એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું. રિટેલ રોકાણકારો મ્યુચ્યુઅલ ફન્ડસ મારફત ઈક્વિટીસમાં રોકાણ કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

### 8 કલાકથી વધુ કામ કરવા પર ડબલ પગાર?

## કેન્દ્ર સરકારે સંસદમાં સ્પષ્ટ કર્યા ઓવરટાઈમના તમામ નિયમો!

મુંબઈ

કેન્દ્ર સરકારના કર્મચારીઓમાં ઓવરટાઈમ ભથ્થા (OTA)ને લઈને ઊભેલા પ્રશ્નો પર સરકારે સંસદમાં સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે. નવા 'Code on Wages, 2019'માં સામાન્ય કામના કલાકો કરતાં વધુ કામ કરવા પર મૂળ વેતન દરના ઓછામાં ઓછા બમણા દરથી ઓવરટાઈમ આપવાની જોગવાઈ છે. આ કારણે કર્મચારીઓમાં ચર્ચા હતી કે શું કેન્દ્રીય કર્મચારીઓને પણ હવે બમણું ઓવરટાઈમ ભથ્થું મળશે. સરકારે લોકસભામાં સ્પષ્ટતા કરી છે કે આ નવો નિયમ કેન્દ્રીય કર્મચારીઓના વર્તમાન OTA પર આપમેળે લાગુ થશે નહીં. સંસદમાં સરકારે શું સ્પષ્ટતા કરી? 5 ઓગસ્ટ,



2026ના રોજ લોકસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, પાત્રતા ધરાવતા નોન-ગેઝેટેડ (Non-Gazetted) કેન્દ્રીય કર્મચારીઓનું ઓવરટાઈમ ભથ્થું સંબંધિત પગાર પંચ (Pay Commission) ની ભલામણો અને લાગુ સરકારી આદેશોના આધારે જ નક્કી થાય છે. તેથી, નવા વૅજ કોડમાં બમણા દરની જોગવાઈ હોવા છતાં, કેન્દ્રીય કર્મચારીઓનું OTA આપમેળે બમણું થઈ ગયું નથી. નવા વૅજ કોડની કલમ 14 અને કેન્દ્રીય કર્મચારીઓ. નવા વૅજ કોડની કલમ 14 મુજબ, જો કોઈ કર્મચારી નિર્ધારિત કલાકો કરતાં વધુ કામ કરે છે, તો તેને સામાન્ય વેતન દર કરતાં બમણું ચૂકવણું કરવાનો નિયમ છે. પરંતુ આ સામાન્ય કાનૂની જોગવાઈ કેન્દ્રીય કર્મચારીઓના સેવા નિયમો પર સીધી રીતે લાગુ પડતી નથી. કેન્દ્રીય કર્મચારીઓ માટે OTAની પાત્રતા અને ચૂકવણી અલગ સેવા નિયમો અને સરકારી આદેશો સાથે જોડાયેલી છે. તેથી, ફક્ત વૅજ કોડનો હવાલો આપીને કર્મચારીઓ તરત જ બમણા ભથ્થાનો દાવો કરી શકતા નથી.

### અદાણી ગ્રુપને વૈશ્વિક સ્તરે મોટી રાહત મળી

## અમેરિકામાં ગૌતમ અદાણી અને સાગર અદાણી સામેના લાંચ અને છેતરપિંડીના તમામ કેસ રદ

**ન્યૂયોર્કના ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગારૌફિસે ફેડરલ પ્રોસિક્યુટર્સને આરોપો પાછા ખેંચવાની મંજૂરી આપતાં કેસ બંધ કર્યો. DoJએ સ્વીકાર્યું કે કેસ કાયદાકીય રીતે નબળો અને અમેરિકાના અધિકારક્ષેત્ર બહારનો હતો.**

મુંબઈ

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને સાગર અદાણી સામે અમેરિકન કોર્ટમાં ચાલતા ગુનાહિત આરોપોને કોર્ટે ફગાવી દીધા છે. ન્યૂયોર્કના ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગારૌફિસે ફેડરલ પ્રોસિક્યુટર્સને આરોપો પાછા ખેંચવાની મંજૂરી આપતા આ કેસ બંધ કરવાનો ચુકાદો આપ્યો છે. આ મહત્ત્વપૂર્ણ નિર્ણય બાદ ગૌતમ અદાણીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'x' પર પોતાની પ્રતિક્રિયા આપતા ન્યાયપ્રણાલી પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ પડકારજનક સમયમાં સત્ય, નિષ્પક્ષતા અને કાયદાના શાસનમાં તેમનો વિશ્વાસ હંમેશાં અડીખમ રહ્યો છે. કોર્ટના નિર્ણય પહેલાં, જજે કાયદાકીય બાબતો અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને સરકારી વકીલો (પ્રોસિક્યુટર્સ) પાસે કેસ પાછો ખેંચવાનું કારણ માંગ્યું



હતું. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DoJ)ના ખુલાસાથી સંતોષ માનીને જજે સ્પષ્ટ કર્યું કે આરોપો રદ કરવાનો આ નિર્ણય સંપૂર્ણપણે કાયદાના દાયરામાં અને ન્યાયના સિદ્ધાંતો મુજબ જ લેવાયો છે. DoJએ પણ કોર્ટમાં સ્વીકાર્યું હતું કે અદાણી ગ્રુપ સામેનો આ કેસ કાયદાકીય રીતે નબળો હતો અને અમેરિકાના અધિકારક્ષેત્રની બહારનો હોવાથી, તે ક્યારેય દાખલ જ નહોતો થવો જોઈતો. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે (DoJ) કોર્ટમાં જણાવ્યું હતું કે, 'આ કેસ પૂરેપૂરો ભારત સાથે જ સંકળાયેલો હતો. તેમાં ભારતીય અધિકારીઓ, ભારતીય કંપનીઓ અને ભારતમાં વીજળી પૂરી પાડવાના કરારો જ મુખ્ય બાબત હતા. અમેરિકાએ 'વિશ્વના પોલીસ' બનીને અન્ય દેશોના મામલામાં પડવું ન જોઈએ, કારણ કે તેનાથી રાજદ્વારી સંબંધો વણસે છે અને સમય તથા સંસાધનોનો ખોટો બગાડ થાય છે. ભારત પોતાની આંતરિક બાબતો અને કાયદાકીય વ્યવસ્થાને અમેરિકન પ્રોસિક્યુટર્સ કરતાં વધુ સારી રીતે સંભાળી શકે છે. આથી જ અદાણી ગ્રુપ સામે લગાવવામાં આવેલા સિક્યોરિટીઝ ફ્રોડના આરોપોનો કોઈ નક્કર કાયદાકીય આધાર નહોતો.' કોર્ટની કાર્યવાહી દરમિયાન મીડિયાના એ અહેવાલોને પણ સંપૂર્ણપણે ફગાવી દેવામાં આવ્યા હતા.

## ઈથેનોલના ઉત્પાદન માટે ખાંડના ઉપયોગ પર મર્યાદા લાવવા વિચારણા

■ હવે મકાઈ અને ચોખાનો ઉપયોગ વધારવાની શક્યતા પણ તપાસાઈ રહી છે

મુંબઈ

ખાંડના વધી રહેલા ભાવને ધ્યાનમાં રાખી ખાંડની સ્ટોક લિમિટ લાગુ કર્યા બાદ હવે ઈથેનોલના ઉત્પાદનમાં સાકરના વપરાશને મર્યાદિત બનાવવા સરકાર વિચારી રહી છે. ઓક્ટોબરથી શરૂ થઈ રહેલી નવી ખાંડ મોસમમાં આ મર્યાદા આવવાની શકયતા હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. દેશમાં શેરડીના બે મોટા ઉત્પાદક રાજ્યો




મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં નબળા ચોમાસાને કારણે આગામી વર્ષમાં ખાંડના ઉત્પાદન પર અસર પડવાની ચિંતા ઊભી થઈ છે. વર્તમાન ખાંડ મોસમમાં મિલોએ આશરે ૩૦ લાખ ટન ખાંડ ઈથેનોલના ઉત્પાદન તરફ વાળી હોવાનો અંદાજ છે. આગામી મોસમમાં ઈથેનોલ માટે ખાંડનો પૂરવઠો મર્યાદિત બનાવીને બજારમાં ખાંડની ઉપલબ્ધતા વધારવા સરકાર વિચારી રહી હોવાનું સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. ખાંડના સ્થાને ઈથેનોલના ઉત્પાદન માટે મકાઈ તથા ચોખાનો વપરાશ વધારવાની પણ શકયતા તપાસાઈ રહી છે. પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિક્સ કરવા સરકાર યોજના ધરાવે છે.

### સ્કૂલે આપેલા નાસ્તામાંથી કાચનો ટુકડો નીકળ્યો: પ્રાર્થના બંધ કરી અન્ય ધર્મનું પુસ્તક વાંચવા દબાણ

# શીલજની આનંદ નિકેતન સ્કૂલ વિવાદમાં આવી!!

નિકેતન સ્કૂલના વિદ્યાર્થીઓને ફરજિયાત પણે અમુક બુક વાંચવા દબાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું. જેથી ફરિયાદને લઈને વિદ્યાર્થી દીઠ 10 હજાર દંડ કેમ ન કરવો? તેનો એક જ દિવસમાં ખુલાસો રજૂ કરવા માટે નોટિસ આપીને આદેશ કરવામાં આવ્યો

અમદાવાદ

અમદાવાદના શીલજની આનંદ નિકેતન સ્કૂલ વિવાદમાં આવી છે. વિદ્યાર્થીને આપેલા નાસ્તામાંથી કાચનો ટુકડો નીકળ્યો હોવાના વાલીઓએ આક્ષેપ લગાવ્યો છે. VHP અને વાલીઓએ સ્કૂલમાં હોબાળો કરી વિરોધ કર્યો છે. તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગને પણ ફરિયાદ કરવામાં આવી છે.

અન્ય ધર્મનું પુસ્તક વિદ્યાર્થીઓને વાંચવા માટે દબાણ કરાતું હોવાની ફરિયાદ વાલીઓ અને VHPએ અમદાવાદ શહેર-જિલ્લા શિક્ષણાધિકારીને કરી હતી. તેમજ એક મહિનાથી પણ વધુ સમયથી સવારથી પ્રાર્થના પણ બંધ કરી દીધા હોવાનો આક્ષેપ છે. જેથી ઘટનાની ગંભીરતાને લઈને શિક્ષણાધિકારીએ સ્કૂલને નોટિસ ફટકારી ખુલાસો રજૂ કરવા સૂચના આપી છે.

શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, આનંદ નિકેતન સ્કૂલમાં છેલ્લા એક મહિનાથી સવારની પ્રાર્થનાં કરવામાં આવતી નથી તેવી ફરિયાદ મળી હતી. સ્કૂલે અન્ય ધર્મનું પુસ્તક વાંચવા માટે





વિદ્યાર્થીઓને કહેવામાં આવી તેવી પણ ફરિયાદ મળી હતી. જેથી શિક્ષણ નિરીક્ષકને તપાસ કરવા માટે સૂચના આપી છે અને તપાસ રિપોર્ટ આવ્યા બાદ હકીકત સામે આવશે. તેમજ સ્કૂલોને અગાઉથી જ કહેવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓ અને વાલીઓની ધાર્મિક લાગણી ક્યારેય દુભાય નહીં તે પ્રમાણે કાર્ય કરવાનું રહેશે. જો કોઈ એક ડાયરેક્શન આપવામાં આવતું હોય તો તે ગેરકાયદેસર છે. જેથી હવે તપાસ અહેવાલના આધારે સમગ્ર હકીકત સામે આવશે અને કાર્યવાહી કરાશે.

આનંદ નિકેતન સ્કૂલના વિદ્યાર્થીઓને ફરજિયાત પણે અમુક બુક વાંચવા દબાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું. જેથી ફરિયાદને લઈને વિદ્યાર્થી દીઠ 10 હજાર દંડ કેમ ન કરવો? તેનો એક જ દિવસમાં ખુલાસો રજૂ કરવા માટે નોટિસ આપીને આદેશ કરવામાં આવ્યો છે.

આનંદ નિકેતન સ્કૂલને એક જ દિવસમાં જિલ્લા શિક્ષણાધિકારીએ બીજી નોટિસ ફટકારી છે. નાસ્તામાં કાચનો તૂકડો મળી આવ્યા હોવાની વાલીઓની ફરિયાદના આધારે કારણદર્શક નોટિસ ફટકારી જવાબ માગવામાં આવ્યો છે. આજે જ ખુલાસો રજૂ કરવા જિલ્લા શિક્ષણાધિકારીએ સૂચના આપી છે. જો એક જ દિવસમાં યોગ્ય જવાબ નહીં મળે તો કડક કાર્યવાહી કરવાની પણ જિલ્લા શિક્ષણાધિકારીએ તૈયારી દર્શાવી છે.

### 'ભારતનો વિરોધ કરનાર મહિલા વિશે ભણાવવા માટે ચોપડી આપી છે' : બજરંગદળના સભ્ય કિશન દવે

બજરંગદળના સભ્ય કિશન દવેએ કહ્યું કે, અમને ફરિયાદ મળી હતી કે પ્રેયર ચાલતી હતી જે એક મહિનાથી બંધ કરી છે. તેમજ જો કોઈ ફરિયાદ કરવા માટે જાય તો યોગ્ય જવાબ આપવામાં આવતો નથી.

ભારતનો વિરોધ કરનાર મહિલા વિશે ભણાવવા માટે ચોપડી આપી છે. જે મહિલાને નમાજ પઢતી બતાવામાં આવી છે. જેમાં એવું બતાવવામાં આવ્યું છે કે, તું નમાજ પઢશે તો શાંતીનું નોબેલ પ્રાઈઝ મળશે. વાલીઓ સારા સંસ્કાર અને સારા અભ્યાસ માટે 2 લાખ આપે છે.

અમે કીધું તો એવું કહ્યું કે તેને નોબેલ પ્રાઈઝ મળ્યો હતો. તો શું બિન લાદેનને નોબેલ પ્રાઈઝ મળશે તો શું તેને ભણાવામાં આવશે? તેમજ નેશનલ એન્થમ પણ બંધ કરી દેવામાં આવી છે. કેમ તે બંધ કરવામાં આવ્યું તેનો પણ જવાબ આપવામાં આવ્યો નથી.

### વાલીઓને કોઈપણ પ્રકારનો યોગ્ય જવાબ ન મળતા પોલીસ ફરિયાદ દાખલ કરાવશે

શિક્ષણાધિકારી કચેરીની ટીમે વાલીઓ અને બજરંગ દળના કાર્યકર્તાઓ સાથે આનંદ નિકેતન સ્કૂલમાં બેઠક કરી હતી. જે બાદ સ્કૂલમાં વિદ્યાર્થીને આપેલા નાસ્તામાંથી કાચનો ટુકડો નીકળવા મુદ્દે વાલી દ્વારા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે. સ્કૂલના ડિરેક્ટર કે કોઈપણ જવાબ સાંભળવા ન આવ્યા હોવાથી વાલીઓએ હોબાળો કરતા પોલીસ પણ બોલાવી પડી હતી.

વાલીઓને કોઈપણ પ્રકારનો યોગ્ય જવાબ ન મળતા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં અને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે તૈયારી દર્શાવી છે.

### બહારનું ખાતા પહેલા સાવધાન!

# એનાલોગ પનીર અને ખરાબ સ્થિતિમાં ખાદ્ય પદાર્થ બનાવનાર 6 એકમ સીલ કરાયા




પ્રહલાદનગર વિસ્તારમાં પુષ્પક કોમ્પ્લેક્સ પાસે આવેલા KFCમાં ફૂડ વિભાગની ટીમ દ્વારા તેલનું ચેકિંગ કરવામાં આવ્યું હતું, જેમાં TPC એટલે કે બળતણનું પ્રમાણ ચેક કરવામાં આવતા વધારે મળી આવ્યું હતું. જેથી તેને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા નાગરિકોના આરોગ્ય સાથે ચેડા કરનાર ધંધાકીય એકમો સામે કાર્યવાહી કરવામાં આવી છે. ફૂડ વિભાગ દ્વારા એનાલોગ પનીર અને બટરનો ઉપયોગ, હળદરમાં વધુ પ્રમાણમાં સ્ટાર્ચ, વધુ પડતા પડેલા બળેલા તેલનો ઉપયોગ સહિત ગંદકી બદલ 6 એકમને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. ફૂડ વિભાગના અધિકારી ડૉ.તેજસ શાહે જણાવ્યું હતું કે, અગાઉ વિવિધ નમૂના કોર્પોરેશન દ્વારા લેવામાં આવ્યા હતા. જેના રિપોર્ટ આવ્યા બાદ એકમ અને જથ્થો સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. નવરંગપુરા વિસ્તારમાં HL ફ્રેન્કીમાં બટર અને પનીરના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે એનાલોગ હતા તેમજ અનહાઈજેનિક કન્ડિશન મળી આવી હતી. ગીતામંદિર બસ સ્ટેન્ડ ખાતે જય સોમનાથ ટી સ્ટોલમાં સેમ્પલ લેવામાં આવ્યું હતું, જે એનાલોગ જાહેર થયું હતું અને અનહાઈજેનિક કન્ડિશન મળી આવી હતી. નવરંગપુરા વિસ્તારમાં પ્રિન્સેસ લેનમાં દિલ્હી 6 પરાઠામાં મીડિયમ ફેટ પનીરનો નમુનો એનાલોગ જાહેર થયો હતો. તેમજ કિચનમાં ખૂબ જ ગંદકી જોવા મળી હતી. જેના પગલે તેને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વટવા વિસ્તારમાં જાનકી એન્ટરપ્રાઈઝના રીટેલ યુનિટ પ્રાઈવેટ લિમિટેડમાંથી લીધેલા હળદરના નમૂનામાં સ્ટાર્ચનું પ્રમાણ વધારે મળી આવ્યું હતું. જેના પગલે કુબેરનગરના પીએમ ફૂડ્સમાં તપાસ કરી અને હળદર તેમજ મરચું સહિત મસાલાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. પ્રહલાદનગર વિસ્તારમાં પુષ્પક કોમ્પ્લેક્સ પાસે આવેલા KFCમાં ફૂડ વિભાગની ટીમ દ્વારા તેલનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં TPC એટલે કે બળતણનું પ્રમાણ ચેક કરવામાં આવતા વધારે મળી આવ્યું હતું. જેથી તેને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. ફૂડ વિભાગની ટીમ દ્વારા દાણીલીમડા વિસ્તારમાં છીપા સોસાયટીમાં ચાલતી એશિયન બેકરીમાં પણ તપાસ કરવામાં આવી હતી. જેમાં કોઈપણ પ્રકારનું લાઈસન્સ અને રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું નહોતું. પેકેટ ઉપર ખોટો લાયસન્સ નંબર દર્શાવવામાં આવ્યો હતો. ખૂબ જ મોટા પ્રમાણમાં જીવજંતુઓ અને ગંદકી જોવા મળી હતી. મેંદો અને સુગરનો 57 કિલોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તૈયાર કરવામાં આવેલી બ્રેડ, બન અને બ્રેડ બનાવવાનો તૈયાર લોટ સહિતનો 220 કિલોનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો.

### અમદાવાદમાં રક્ષક જ ભક્ષક બન્યો

# વસ્ત્રાપુરમાં વિદેશી દારૂની હેરાફેરીના ગુનામાં કંટ્રોલ રૂમના પોલીસકર્મીની ધરપકડ

અમદાવાદ



અમદાવાદ શહેરના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાની ધજાગ્રહ ઉડાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં દારૂની હેરાફેરીના એક ગુનાની તપાસ દરમિયાન ખુદ પોલીસ વિભાગના જ એક કર્મચારીની સંપ્લિક્તતા ખુલ્લી પડી છે. વસ્ત્રાપુર પોલીસે આ કેસમાં પોલીસ કંટ્રોલ રૂમમાં ફરજ બજાવતા અશોક ચૌધરી નામના ૨૦૧૨ની બેચના પોલીસકર્મીની ધરપકડ કરી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાની વિગત એવી છે કે, ગત ૫ જુલાઈ ૨૦૨૬ના રોજ વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા સનસાઈન એપાર્ટમેન્ટ બહાર એક શંકાસ્પદ બિનવારસી કાર પાર્ક કરેલી મળી આવી હતી. કારના કાચ કાળા હોવાથી પોલીસને શંકા ગઈ હતી. જ્યારે પોલીસે વાહનની બારીકાઈથી તપાસ કરી ત્યારે અંદરથી રૂ. ૧,૦૫,૦૦૦ની કિંમતનો ૩૧૩ બોટલ વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. કોઈને શંકા ન જાય તે રીતે શાતિર મગજ વાપરીને ગાડી ત્યાં પાર્ક કરવામાં આવી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો રાજસ્થાનથી લાવનાર ચિરાગ ચૌધરી નામના શખ્સની ધરપકડ કરી હતી. ચિરાગની સઘન પૂછપરછ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, આ દારૂનો જથ્થો તે કંટ્રોલ રૂમના પોલીસકર્મી અશોક ચૌધરીના કહેવાથી જ રાજસ્થાનથી લઈને આવ્યો હતો. એટલું જ નહીં, જે કારમાંથી દારૂનો જથ્થો જપ્ત કરાયો હતો તે ગાડી પણ ખુદ આરોપી અશોક ચૌધરીના નામે હોવાનું બહાર આવ્યું હતું. નોંધનીય છે કે, પકડાયેલ આરોપી પોલીસકર્મી અશોક ચૌધરી અગાઉ વસ્ત્રાપુર, બોડકદેવ તેમજ આઈબી (IB) જેવી મહત્વની શાખાઓમાં પણ ફરજ બજાવી ચૂક્યો છે.

### કચેરી આપના દ્વારે કાર્યક્રમ હેઠળ 13 ઓગસ્ટ સુધી સુધારણા કેમ્પ

# વાલીઓને નામ-અટક-જાતિ સુધારવા DEO કચેરીના ધક્કા ખાવા નહીં પડે..!

બોર્ડની પરીક્ષાઓ સમયે વાલીઓ અને શાળાઓની દોડધામ ન થાય તે હેતુથી આ આગોતરું આયોજન કરાયું છે, કામગીરી માટે મદદનીશ શિક્ષણ નિરીક્ષકો અને IEDSS વિશિષ્ટ શિક્ષકોની ટીમો તૈનાત કરવામાં આવી છે

અમદાવાદ

SSC અને HSCની પરીક્ષાના ફોર્મ ભરાય તે પહેલાં વિદ્યાર્થીઓના નામ, અટક કે જાતિમાં રહેલી ભૂલોના નિવારણ અર્થે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી દ્વારા 'કચેરી આપના દ્વારે' કાર્યક્રમ અંતર્ગત ખાસ સુધારણા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી 13 ઓગસ્ટ સુધી શહેરના વિવિધ વિસ્તારોમાં યોજાનારા આ કેમ્પમાં શાળાઓ પાસેથી પ્રાપ્ત દરખાસ્તોની સ્થળ પર જ ચકાસણી કરી એક જ દિવસમાં નિકાલ કરવામાં આવશે, જેથી વાલીઓ અને વિદ્યાર્થીઓને કચેરીના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે.




અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, દર વર્ષે ધોરણ 1 થી 12 ના અનેક વિદ્યાર્થીઓ નામ-અટક કે જાતિ સુધારણા માટે અરજી કરતા હોય છે. બોર્ડની પરીક્ષાઓ સમયે વાલીઓ અને શાળાઓની દોડધામ ન થાય તે હેતુથી આ આગોતરું આયોજન કરાયું છે. આ કામગીરી માટે મદદનીશ શિક્ષણ નિરીક્ષકો અને IEDSS વિશિષ્ટ શિક્ષકોની ટીમો તૈનાત કરવામાં આવી છે. શાળાઓએ વાલીઓ પાસેથી દરખાસ્તો મેળવીને કેમ્પમાં રજૂ કરવાની રહેશે, જ્યાં સ્થળ પર જ તમામ સુધારા કરી આપવામાં આવશે. આ પર્વ જેવા આયોજનથી વાલીઓ અને શાળાઓનો સમય તેમજ મુસાફરીનો ખર્ચ બચશે. DEO તંત્ર દ્વારા જણાવાયું છે કે શાળાઓ નજીક જ યોજાતા આ કેમ્પનો લાભ તમામ સંબંધિતોએ લેવો, તેમજ ભવિષ્યમાં પણ દર મહિને અલગ-અલગ વિસ્તારોમાં આવા કેમ્પનું સતત આયોજન કરવામાં આવશે. 11 ઓગસ્ટ: સ્મૃતિ વિદ્યાવિહાર, ચાણક્યપુરી - સવારે 10:30થી બપોરે 2 વાગ્યા સુધી. 12 ઓગસ્ટ: ગાયત્રી વિદ્યાલય, ગાયત્રી મંદિર પાસે, બળોલનગર - સવારે 10:30થી બપોરે 2 વાગ્યા સુધી. 13 ઓગસ્ટ: સર્વજ્ઞાનિક વિદ્યાલય (સરખેજ કેળવણી મંડળ), અમદાવાદ - સવારે 10:30થી બપોરે 2 વાગ્યા સુધી.

# અમદાવાદ પોલીસની નાઇટ ડ્રાઇવમાં ગીઝર ગિંગનો પર્દાફાશ: ₹2.40 લાખનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદ

અમદાવાદ શહેરમાં દારૂબંધીના કડક અમલ માટે યોજાયેલી નાઈટ ડ્રાઈવ દરમિયાન સોલા પોલીસને મોટી સફળતા સાંપડી છે. કારમાં ગીઝરની અંદર દારૂ છુપાવીને હેરાફેરી કરી રહેલા એક શાતિર બૂટલેગરને પોલીસે દબોચી લીધો છે.

સોલા પોલીસ સ્ટેશનની ટીમ જ્યારે રાત્રી પેટ્રોલિંગ અને નાઈટ ડ્રાઈવમાં હતી, ત્યારે શંકાસ્પદ રીતે પસાર થતી એક કારને અટકાવવામાં આવી હતી. કારની તલાશી લેતા અંદરથી વોટર હીટર (ગીઝર) મળી આવ્યું હતું.

ગીઝર પર શંકા જતાં તેને ખોલીને જોતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે ગીઝરની અંદર દારૂની બોટલો ખૂબ જ ચાલાકીથી સંતાડવામાં આવી હતી.

બૂટલેગરની આ અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયા બાદ પોલીસે તુરંત તેના ઘરે દરોડો પાડ્યો હતો. આરોપીના ઘરેથી પણ અન્ય 5 ગીઝર મળી આવ્યા હતા, જેનો ઉપયોગ દારૂના સંગ્રહ અને હેરાફેરી માટે થતો હતો.

સોલા પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી છે અને આ દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો તથા શહેરમાં કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

### જોધપુર ધાબા રેપ કેસને લઈ અમદાવાદી ગર્લ્સનો આક્રોશ ફાટ્યો!

# 'રેપિસ્ટને મારી નાંખવો જોઈએ', 'આરોપીને પીડિતાના હવાલે કરી દો'

અમદાવાદ

જોધપુર વિસ્તારમાં સગીરા પર ધાબા પર આચરવામાં આવેલા નિર્મમ બળાત્કારની ઘટનાથી આખું અમદાવાદ ધ્રૂજી ઊઠ્યું છે. કાયદાની ઢીલી નીતિ અને હેવાનોની વધતી હિંમત સામે હવે શહેરની યુવતીઓ અને મહિલાઓનો ગુસ્સો સીમા વટાવી ચૂક્યો છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા લેવામાં આવેલા વિશેષ ગ્રાઉન્ડ રિપોર્ટમાં અમદાવાદી ગર્લ્સે પોતાનો આક્રોશ ઠાલવતા જલ્લાદો માટે માત્ર અને માત્ર ફાંસી અથવા તો ત્વરિત ન્યાયની માંગ કરી છે.

જોધપુર રેપ કેસની ભયાનક ઘટના સામે આવ્યા બાદ અમદાવાદની યુવતીઓએ કેમેરા સામે આવીને તંત્ર અને સમાજ સામે તીખા સવાલો ઉઠાવ્યા છે. યુવતીઓએ પોતાના દિલનો ભડકો બહાર કાઢતાં જણાવ્યું હતું: 'રેપિસ્ટને મારી નાંખવો જોઈએ': યુવતીઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે આવા નરાધમો માટે જેલના સળિયા નહીં, પરંતુ સીધી ગોળી કે ફાંસીની સજા જ હોવી જોઈએ. જો કાયદો વિલંબ કરે તો ગુનેગારો બેફામ બને છે.



'આરોપીને પીડિતાના હવાલે કરી દો': અનેક ગર્લ્સે આક્રોશમાં કહ્યું કે આરોપીને કોઈ કાનૂની દયા વગર સીધો પીડિતા અને તેના પરિવારના હવાલે કરી દેવો જોઈએ, જેથી તેને ખબર પડે કે શારીરિક અને માનસિક પીડા શું હોય છે.

સુરક્ષા સામે પ્રશ્નાર્થ: 'અમદાવાદ સુરક્ષિત શહેર ગણાય છે, પણ પોતાના જ ઘરના ધાબા પર સગીરા સલામત નથી તો ક્યાં જવું?' એવા તીખા સવાલો યુવતીઓએ ઉઠાવ્યા હતા.

અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા જોધપુરમાં આવેલી એક સોસાયટીના ધાબા પર માસૂમ સગીરાને હવસનો શિકાર બનાવવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં જ સમગ્ર શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. જોકે, પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપીની અટકાયત કરી લીધી છે, પરંતુ લોકોનો આક્રોશ હવે થમવાનું નામ નથી લઈ રહ્યો.

અમદાવાદની જનતા અને યુવતીઓ હવે માત્ર કાગળ પરની કાર્યવાહીથી સંતોષ માનવા તૈયાર નથી. ગર્લ્સનો એક જ અવાજ છે કે આવા કેસ ચલાવવામાં મહિનાઓ કે વર્ષો ન બગાડવા જોઈએ.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI